**આજનો સુવિચાર**

ભૂખ લાગે ત્યારે ખાવું તે પ્રકૃતિ, પારકાનું પડાવીને ખાવું તે વિકૃતિ અને ભૂખ્યા રહીને બીજાને ખવડાવવું તે સંસ્કૃતિ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૪૫ જૂનાગઢ તા.૬-૬-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 145, Junagadh : Date : 6 Jun, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### અરબી સમુદ્રમાં સર્જાઈ રહેલા લો-પ્રેશર - સાયકલોનિક સીસ્ટમને બીપોરજોઈ નામ અપાયું : સૌરાષ્ટ્રનાં બંદરો ખાતે ભયસૂચક સીગ્નલ લગાવાયા

# ૧૦ થી ૧૩ જુન વચ્ચે ગુજરાત પર વાવાઝોડું ત્રાટકવાનો ખતરો

## પોરબંદર - નલીયા વચ્ચે વાવાઝોડું ટકરાય તેવી શકયતા : ૫૦ થી ૧૦૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાઈ શકે : ભારે વરસાદ પડશે

અમદાવાદ તા. ૬

ગુજરાત પર વધુ એક વાવાઝોડાનું સંકટ ઉભુ થયું છે. આ સંકટનું નામ છે બિપોરજોય વાવાઝોડું. ગુજરાતમાં લોકો હજી પણ તૌકતેની તાકાતને ભૂલ્યા નથી. ત્યારે બિપોરજોયથી લોકોમાં પુર્નઃ ભય પેદા થયો છે. બિપોરજોય ગુજરાતના દરિયાકાંઠે અથડાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પરંતુ હવામાન વિભાગનું કહેવું છે કે, આ ચક્રવાત ગુજરાત પર ત્રાટકશે કે નહિ તે તેના સરક્યુલેશન લો પ્રેશર બાદ જ ખબર પડશે. તેના પર સતત નજર રાખી રહ્યાં છે. તેના બાદ જ કોઈ ચોક્કસ આગાહી કરી શકીશું.

અરબી સમુદ્રમાં સાયક્લોનિક સિસ્ટમ બનવાની છે. આ સાયક્લોનિક સિસ્ટમને બિપોરજોય નામ આપવામાં આવ્યું છે. બિપોરજોય વાવાઝોડું ગુજરાત પાસે આવી રહ્યું છે. બિપોરજોય વાવાઝોડું પાકિસ્તાન બાજુ પણ ફંટાશે. ચક્રવાત ગુજરાતના દરિયાકાંઠાને બાયપાસ કરીને પાકિસ્તાન તરફ આગળ વધે તેવી શક્યતા છે. ૧૦ જુને આ વાવાઝોડું ગુજરાત પાસેથી પસાર થશે અને ૧૨ જુને વાવાઝોડું પાકિસ્તાનમાં ટકરાશે. પરંતુ ચક્રવાતની હાજરીને કારણે તેની ગુજરાત ઉપર વ્યાપક અસર જોવા મળી શકેછે. ૧૨ થી ૧૪ જુન વચ્ચે ગુજરાતમાં વાવાઝોડાની આગાહી છે. ૭ જૂન સુધીમાં, લો-પ્રેશર સિસ્ટમ લક્ષદ્વીપ નજીક ચક્રવાતી તોફાનમાં તીવ્ર બનશે. જે પોરબંદર અને કચ્છના નલિયા વચ્ચે લેન્ડફોલ કરી તેવી શક્યતા છે. વાવાઝોડું ૧૩ જુનના રોજ ગુજરાતના દરિયાકાંઠે પહોંચી જશે તેવી શક્યતા છે.

હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી અનુસાર, ૭ જૂન સુધીમાં, લો-પ્રેશર સિસ્ટમ લક્ષદ્વીપ નજીક ચક્રવાતી તોફાનમાં તીવ્ર બનશે. જેના બાદ ૧૨ થી ૧૪ જુન વચ્ચે ચક્રવાત આવશે. હાલ ચક્રવાતની તમામ હિલચાલ પર નજર રાખવામા આવી રહીછે. સાથે જ ચક્રવાતની તીવ્રતા કેટલી છે તેના પર ફોકસ કરાઈ રહ્યું છે. અરબી સમુદ્રમાં ઉદ્દભવેલું બાયપોરજોય ચક્રવાત ધીમે ધીમે ગુજરાતના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે.

ગુજરાત પર વાવઝોડાનો ખતરો કેટલો રહેશે તે વિશે હવામાન વિભાગના ડૉ. મોહંતીએ જણાવ્યું છે કે, હાલ તો અરબ સાગરમાં સર્ક્યુલેશન છે, આગામી ૨૫ કલાકમાં લો પ્રેશર બનશે અને તે પછી જ તેનું એનાલિસિસ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવશે. સર્ક્યુલેશન લો પ્રેશર બનશે તે પછી તે વાવાઝોડું બનીને ત્રાટકશે કે નહીં તે નક્કી થતું હોય છે. લો પ્રેશર બન્યા પછી તે વાવાઝોડામાં પરિવર્તિત થશે કે કેમ ? તે અંગેનો અભ્યાસ કરવામાં આવશે અને તે પછી તે અંગે આગાહી કરવામાં આવશે. લો પ્રેશર બન્યા બાદ તે વાવાઝોડું બનશે કે નહીં બને તે સહિતની વિગતો સ્પષ્ટ કરવામાં આવશે.

ગુજરાત પાસેથી ચક્રવાત પસાર થવાને કારણે સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે વરસાદ પડી શકે છે, ૧૩ થી ૧૪જૂન સુધી ગુજરાતના દરિયાકાંઠે તોફાની સ્થિતિનું જોખમ છે. જો વાવાઝોડું વિખેરાઈ જાય તો તેના અવશેષો કરાચી, પાકિસ્તાન તરફ આગળ વધી શકેછે. ૧૨, ૧૩ અને ૧૪ જૂનના રોજ સૌરાષ્ટ્ર અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ પડશે. તેમજ દરિયાકાંઠા વિસ્તારમાં ૫૦ થી ૧૦૦ કિમીની ઝડપે પવન ફુંકાઈ શકે છે.

## લોકસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીનાં કાર્યકરો કેસરીયો ધારણ કરશે

અમદાવાદ તા. ૬

દેશમાં આગમી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવાની છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા જ AAPમાં ભંગાણ થવાના સમાચાર સુત્રોમાંથી મળી રહ્યા છે. ગુજરાત AAPના કેટલાક આગેવાનો કાર્યકરો સાથે કેસરિયો ધારણ કરશે. જોકે હજુ નામોની સત્તાવાર જાહેરાત થઈ નથી.

ગુજરાતમાં AAPમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા AAPને વધુ એક વખત મોટો ઝટકો લાગી શકે છે. સુત્રોમાંથી મળતી અહેવાલ અનુસાર AAPપાર્ટીના કેટલાક આગેવાનો ભાજપમાં જોડાઈ કેસરિયો ધારણ કરી શકે છે. AAPના કેટલાક કાર્યકરો અને આગેવાનો લોકસભાની ચૂંટણી પહેલા જ કેસરિયા રંગમાં રંગાઈ શકે છે. જો કે હજૂ સુધી આ નામોની સત્તાવાર કોઈ જાહેરાત કરવામાં આવી નથી. ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે સ્વાગત કાર્યક્રમ યોજાશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ બાદ આપનું સંગઠન નબળું સાબિત થઈ રહ્યું છે. હવે ફરીથી આમ આદમી પાર્ટીમાં ભંગાણ થવાના સમાચાર સામે આવી રહ્યા છે.

## બાલાસોર ટ્રેન દુર્ઘટનાની સીબીઆઈ તપાસ શરૂ : ઈન્ટરલોકીંગ સીસ્ટમ સાથે ઈરાદાપૂર્વક છેડછાડ થઈ હોવાનો ઘટસ્ફોટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૬

બાલાસોર ટ્રેન દુર્ઘટના મામલે સીબીઆઈ તપાસ કરી રહી છે. સીબીઆઈની ટીમે દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી છે અને પુરાવાઓ એકત્ર કરી રહી છે. દરમ્યાનમાં ઓરીસ્સાના બાલાસોરમાં ગત શનિવારે સર્જાયેલી ત્રણ ટ્રેનોને સંડોવતી દુર્ઘટના અને ૨૭૫થી વધુ લોકોના મોતમાં ઘટસ્ફોટ થયો છે. રેલવેના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે ઈન્ટરલોકીંગ સીસ્ટમમાં અકસ્માત સર્જાય તે હેતુથી 'ઈરાદાપૂર્વક ચેડા' કરવામાં આવ્યા હતા. ગઈકાલે સીબીઆઈની એક ટીમ બાલાસોરમાં દુર્ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તેમની સહાયતા માટે રેલવેના નિષ્ણાંતની ટીમ પણ પહોંચી છે. તે સમયે જ રેલવેના અધિકારીને ટાંકીને આવેલા અહેવાલમાં રેલવેની આંતરિક તપાસમાં બહાર આવ્યું છે

બહાનગા બાઝાર સ્ટેશનની કેબીનમાં ઈન્ટરલોકીંગ સીસ્ટમ જે ફુલપ્રુફ હોય છે તેમાં કોઈ યોગ્ય કુશળતા વગરના વ્યક્તિએ હાથેથી રીપેર કે પછી સીસ્ટમમાં કોઈ ચેડા કરવા પ્રયાસ કર્યો હતો. જેના કારણે કોરામંડલમ એકસપ્રેસ મેઈન લાઈનના બદલે લુપ લાઈન પર ચાલી ગઈ હતી. જયાં અગાઉથી જ એક ગુડસ ટ્રેન ઉભી હતી અને કોરામંડલમ ટ્રેન ધડાકા સાથે તેની સાથે અથડાઈ હતી જેના છેવાડાના કોચ પણ ડીરેલ થતા બાજુના ટ્રેક પર જઈ રહેલી હાવડા-પુરી ટ્રેન સાથે અથડાતા સમગ્ર અકસ્માત સર્જાયો હતો. હવે સીબીઆઈની ટીમ આ 'થિયરી' પર તપાસ કરી છે. કોણે શા હેતુથી આ ચેડા કર્યા તે દિશામાં તપાસ આગળ વધશે. સીબીઆઈએ જેના માટે કેટલાક રેલવે સિગ્નલીંગ અને ટ્રેડીંગ સીસ્ટમના નિષ્ણાંતની પણ સેવા લેવાની તૈયારી કરી છે.

રેલવેમાં ઈન્ટરલોકીંગ સીસ્ટમ જે સીગ્નલ માટે ખૂબ જ સલામત પ્રણાલી છે અને જો તે સીસ્ટમ ફેઈલ થાય તો પણ તમામ સિગ્નલ રેડ થઈ જાય છે અને તેથી તુર્તજ તમામ ટ્રેનો થંભી જાય છે જેથી અકસ્માતની શકયતા રહેતી નથી. રેલવેના અધિકારીના જણાવ્યા મુજબ જે ટ્રેન માટે મેઈન લાઈન ફ્રી રખાઈ હોય અને તે મુજબ ઈન્ટરલોકીંગ સીગ્નલીંગ સીસ્ટમ સેટ થઈ હોય પછી કોઈ ટ્રેન લૂપ લાઈન પર જઈ શકતી જ નથી અને તેથી કોરોમંડલમ લૂપ લાઈન પર ગઈ તે એંગલ પણ તપાસાશે. રેલવે માટે રાહત છે કે બન્ને ટ્રેનના લોકો પાઈલોટ જીવીત છે જેથી તેઓ સ્વસ્થ થયા બાદ તેમની પણ સીબીઆઈ પુછપરછ થશે તો સ્ટેશન માસ્તર સહિતના સ્ટાફને પણ હાલ તેમના હેડ કવાટર નહી છોડવા આદેશ અપાયા છે.

## આવકવેરા વિભાગને રૂા. ૪૦ કરોડ ચુકવી આપવા બીબીસીએ અરજી કરી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૬

વિશ્વ પ્રસિદ્ધ બ્રિટિશ મીડિયા બીબીસી આ વર્ષે ફેબ્રુઆરીમાં ભારતમાં ઈન્કમ ટેક્સ વિભાગના સર્વેક્ષણના દાયરામાં આવ્યું હતું. કરચોરીનો ઈનકાર અને તપાસમાં સહકાર આપવાનો દાવો કરી રહી છે, તે બીબીસી હવે ભૂતકાળમાં ઓછો ટેક્સ ચૂકવવાની હકીકતને સ્વીકારી રહી છે, એટલુ જ નહિ હવે બીબીસીએ આવકવેરા વિભાગને લગભગ રૂા.૪૦ કરોડ જેટલી ટેક્ષની મોટી રકમ ચૂકવવા વિનંતી કરી રહી છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં બીબીસી પર કરવામાં આવેલા આવકવેરા સર્વેક્ષણમાં આવકવેરા વિભાગે ૨૦૧૬થી કરચોરી પકડી હતી. હવે બીબીસીએ પણ સ્વીકાર્યું છે કે તેણે ૨૦૧૬થી ઓછો ટેક્સ ચૂકવ્યો છે.

૨૦૧૬ અને ૨૦૨૨ ની વચ્ચે, બીબીસીએ આવકવેરા વિભાગને લગભગ રૂ. ૪૦ કરોડ ઓછો ટેક્સ જમા કરાવવાની અરજી આપી છે. ઈન્કમટેક્સ એસેસમેન્ટ આવવાનું બાકી છે, આ પહેલા બીબીસીએ આ મામલે કેસ ટાળવા માટે ૪૦ કરોડ રૂપિયા ચૂકવવા માટે આવકવેરા વિભાગને અરજી કરી દીધી છે.

બીબીસી ટેક્સ ચોરી કેસમાં આવકવેરા વિભાગને કથિત રીતે કરચોરીના મોટા પુરાવા મળ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર. બીબીસી યુકે કમાણીના ૯ ટકા બીબીસી ઈન્ડીયાને આપે છે. આવકવેરાવિભાગને લગભગ ૫૫-૬૦ કરોડ રૂપિયાની કરચોરીના પુરાવા મળ્યા છે.

## ભારત એક જીવંત લોકતંત્ર - જેને શંકા હોય તે દિલ્હી જઈને જોઈ આવે : અમેરીકા

વોશીંગ્ટન તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગામી તા. ૨૧ જૂનથી શરૂ થનારી ૬ દિવસની અમેરિકા યાત્રા તથા હાલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીની યાત્રા સમયે જ અમેરિકી પ્રેસીડેન્ટના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના રણનીતિકાર અને પ્રવકતાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત એક જીવંત લોકતંત્ર છે અને તે અંગે જો કોઈને શક હોય તો તે ખુદ દિલ્હી જઈને જોઈ શકે છે.

હાલમાં જ રાહુલ ગાંધીએ તેમની અમેરિકા યાત્રા સમયે કેન્દ્રની મોદી સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે અનેક પ્રહારો કર્યા છે અને ખાસ કરીને ભારતની મહત્વની 'સંસ્થા'ઓ પર આરએસએસ ભાજપનો કબજો છે તેવા જે નિવેદન કર્યા હતા તેના સંદર્ભમાં અમેરિકાના વ્હાઈટહાઉસના આ નિવેદનને જોવામાં આવી રહ્યા છે તો બીજી બાજુ વડાપ્રધાન મોદી તા. ૨૧ જૂનથી અમેરિકાની 'સ્ટેટ વિઝીટ પર છે જે અત્યંત મહત્વનું બની ગયું છે તથા બન્ને દેશો વચ્ચે જંગી લશ્કરી સોદાઓ થશે તેવા સંકેત છે તેમાં ખાસ કરીને રાહુલ ગાંધીની અમેરિકાની યાત્રા સમયે જ આ વિધાનો આવ્યા છે. વ્હાઈટ હાઉસના પ્રવકતા ગણાતા અને નેશનલ સિકયોરીટી કાઉન્સીલના સ્ટ્રેટેજીક કોમ્યુનીકેશનના કોઓર્ડીનેટર જોહન કિર્બે કહ્યું છે.

અમેરિકા સ્પષ્ટ માને છે કે વડાપ્રધાન મોદીના શાસનકાળમાં ભારત એક જીવંત લોકતંત્ર છે, તેઓએ જો કે બીજા જ વાકયમાં એવું જણાવ્યું કે જેઓને તેમાં કોઈ શક હોય તો તે દિલ્હી જઈને જોઈ શકે છે.

આ વાકયથી તેઓ રાહુલ ગાંધીના વિધાનો સાથે સીધો સંદર્ભ ના જાય તે જોવા પણ પ્રયાસ કર્યા છે. તેઓએ વધુમાં કહ્યું કે હું નિશ્ચિત રૂપથી કહી શકુ છું કે લોકતાંત્રીક સંસ્થાઓની તાકાત અને તેની હાલત 'ચર્ચા'નો વિષય હશે.

## મણિપુરમાં પુર્નઃ હિંસા - બે જૂથ વચ્ચે ગોળીબાર ત્રણનાં મોત : ઈન્ટરનેટ પર પ્રતિબંધ યથાવત

ઈમ્ફાલ (મણિપુર) તા.૬ :

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત પુર્ણ થયા બાદ મણિપુરમાં ફરી હિંસા ભડકી ઉઠી છે. મણીપુરમાં હથિયારધારી બે સમૂહો વચ્ચે ગોળીબારમાં ત્રણ લોકોના મોત નિપજયા હતા, જયારે ચાર લોકો ઘાયલ થયા છે. આ ઘટના ક્રાંગચુપ વિસ્તારમાં થઈ હતી. ઘાયલોને ઈમ્ફાલની હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસના અનુસાર ઈજાગ્રસ્તોની હાલત સ્થિર છે. જયારે આઈએએનએસ અનુસાર સુરક્ષા દળોએ કાર્યવાહી કરીને લૂંટાયેલા ૭૯૦ અત્યાધુનિક અને ઓટોમેટિક હથિયારની સાથે ૧૦૬૪૮ હથિયારો જપ્ત કર્યા છે. મણિપુરમાં થયેલી હિંસાના પગલે ઈન્ટરનેટને બંધ કરવામાં આવેલ હતું. જેના સમયગાળામાં ફરી એકવાર વધારો કરી દેવામાં આવ્યો છે. મણિપુર હિંસાના પગેલ સરકારે ૧૦જૂન સુધી ઈન્ટરનેટને બંધ રાખવાનો નિર્ણય લીધો છે. રાજયમાં અવારનવાર હિંસાના છૂટાછવાયા બનાવો વચ્ચે, મણિપુર સરકારે અફવાઓ અને વીડિયો, ફોટા અને સંદેશાઓના પ્રસારને રોકવા માટે સાતમી વખત ઈન્ટરનેટ સેવાઓના સસ્પેન્શનને લંબાવ્યું છે. ઈન્ટરનેટ સેવાઓના સસ્પેન્શનને ૧૦જૂન સુધી લંબાવતા, ગૃહ કમિશનર એચ. જ્ઞાનપ્રકાશે એક નવી સૂચનામાં જણાવ્યું હતું.

### મહિલા પહેલવાનોનાં યૌન શોષણ મામલે

## ભાજપનાં સાંસદ બ્રિજભુષણનાં ડ્રાઈવર, ગાર્ડ સહિત ૧૫ લોકોની એસઆઈટી દ્વારા પુછપરછ

(દિલ્હી બ્યુરો નવી દિલ્હી તા. ૬

રેસલિંગ એસોસિએશનના પ્રમુખ અને ભાજપનાં સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ જાતીય સતામણીના કેસમાં દિલ્હી પોલીસે કાર્યવાહી ઝડપી કરી છે. દિલ્હી પોલીસની એક ટીમ ગતરાત્રે લખનૌ અને ગોંડામાં બ્રિજભૂષણ સિંહના ઘરે પહોંચી હતી. SITએ બ્રિજભૂષણના ઘરે હાજર ૧૨ લોકોના નિવેદન નોંધ્યા છે.

આ કેસ બ્રિજભૂષણ શરણ સિંહ માટે સતત બે રાહત લઈને આવ્યો છે. એક તરફ સાક્ષી મલિક, બજરંગ પુનિયા અને વિનેશ ફોગાટે તેમની નોકરી ફરી શરૂ કરી છે, તો બીજી તરફ સગીર રેસલરએ આરોપો પાછા ખેંચી લીધા છે. શનિવારે રાત્રે જ ત્રણ આંદોલનકારી કુસ્તીબાજો ગૃહમંત્રી અમિત શાહને મળવા તેમના ઘરે પહોંચ્યા હતા. એવું માનવામાં આવે છે કે, સરકાર દ્વારા કાર્યવાહીનું આશ્વાસન આપવામાં આવ્યું છે, ત્યારબાદ જ કુસ્તીબાજોએ હડતાળ ખતમ કરીને નોકરી પર પાછા ફરવાનો નિર્ણય લીધો છે. જો કે એ વાતને કુસ્તીબાજો તદન નકારી દીધી છે અને કહ્યું છે કે આંદોલન ન્યાય નહિ મળે ત્યાં સુધી ચાલુ જ રહેશે.

## ગુજરાતમાં ઓગષ્ટ માસમાં રાજયસભાની ત્રણ બેઠકોની ચૂંટણી : કોંગ્રેસને ચૂંટણી લડવા નહી મળે

ગાંધીનગર તા. ૬

આગામી ઓગષ્ટમાં રાજયસભાના ત્રણ સાંસદોની મુદત પૂર્ણ થઈ રહી છે. જોકે, કોંગ્રેસ પાસે ધારાસભ્યોનું સંખ્યાબળ ઓછુ હોવાથી ત્રણેય બેઠકો ભાજપને ફાળે જશે. ગુજરાતના રાજકારણના ઈતિહાસમાં પહેલીવાર એવુ બનશે કે કોંગ્રેસને રાજયસભાની ચૂંટણી જ લડવા નહી મળે.

એટલુ જ નહીં, આગામી પાંચ વર્ષ સુધી ગુજરાત કોંગ્રેસને રાજ્યસભામાં આ એકેય બેઠક મળશે નહીં. એપ્રિલ- ૨૪માં રાજયસભાના ચાર સાંસદોની ટર્મ પૂર્ણ થશે જેમાં કોંગ્રેસના સાંસદ નારણ રાઠવા અને અમી યાજ્ઞિકનો સમાવેશ થાય છે. આ બે બેઠકથી પણ હાથ ધોઈ નાંખવા પડશે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સુરીનામનાં સર્વોચ્ચ નાગરીક પુસ્કારથી સન્માનીત

નવી દિલ્હી તા. ૬

સુરીનામનાં પ્રવાસે ગયેલા ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ ચંદ્રિકાપ્રસાદ સંતોખી દ્વારા સર્વોચ્ચ સન્માન 'ગ્રાન્ડ ઓર્ડર ઓફ ધ ચેઈન ઓફ ધ યલો સ્ટાર'થી નવાજવામાં આવ્યા હતા. આ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે આ મારા માટે ખૂબ જ સન્માનની વાત છે.

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું હતું કે આ સન્માન ભારતના ૧૪૦ કરોડથી વધુ લોકો માટે પણ ખૂબ મહત્વ ધરાવે છે જેમનું હું પ્રતિનિધિત્વ કરું છું. હું આ સન્માન ભારત-સૂરીનામી સમુદાયની પેઢીઓને પણ સમર્પિત કરું છું જેમણે બંને દેશો વચ્ચેના સંબંધોને સમૃદ્ધ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

## બાલાસોર ટ્રેન દુર્ઘટના : ૪૦ મુસાફરોનાં મોત વીજ કરંટથી થયા હોવાનું તારણ : ઈજાનાં નીશાન નથી

ભુવનેશ્વર તા. ૬ : ઓરીસ્સાના બાલાસોરમાં થયેલી ટ્રેન દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. સેંકડો લોકોના મોત થયા છે અને હજારો લોકો ઘાયલ થયા છે. ત્રણ ટ્રેનોના અકસ્માતમાં સામેલ કોરોમંડલ એક્સપ્રેસમાં ઈલેક્ટ્રિક શોક લાગવાથી લગભગ ૪૦ મુસાફરોના મોત થયા હોવાનું તારણ છે. કારણ કે તેના મૃત શરીર પર બાહ્ય ઈજાના કોઈ નિશાન નથી. સોમવારે રેસ્ક્યુ ઓપરેશનની તપાસ કરનાર પોલીસ અધિકારીએ માહિતી આપી હતી. અહેવાલ મુજબ પોલીસ અધિકારીનું નિવેદન એફઆઈઆરને સમર્થન આપે છે, જેમાં લાઈવ ઓવરહેડ કેબલ કોચ પર પડ્યા પછી ઈલેક્ટ્રિક શોકનો ઉલ્લેખ છે. ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ની એફઆઈઆરમાં જણાવ્યું હતું કે, 'ઓવરહેડ એલટી (લોટેન્શન) લાઈન સાથે અથડામણ અને સંપર્કમાં આવવાને કારણે ઘણા મુસાફરોના મોત થયા હતા'.

પોલીસ અધિકારીએ કહ્યું કે ઘણા મૃતદેહો ઓળખી શકાય તેવા પણ નથી. પરંતુ ૪૦ જેટલા મૃતદેહો એવા હતા કે જેમાં ક્યાંયથી કોઈ ઈજાના નિશાન કે લોહી વહેતું નહોતું. જેમાંના ઘણા મૃત્યુ સંભવતઃ વીજ કરંટને કારણે થયા હતા તેવું જણાવાય રહયું છે.

**વિશ્વ પર્યાવરણ દિનની હાર્દિક શુભકામના**



વિરાટ કૉમ્પ્રેસિવ સ્ટ્રેન્થ
અંબુજા સિમેન્ટ

**ફલેટ વેચવાનો છે**

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ગાયત્રી સ્કુલની બાજુમાં બીજા માળે, 2BHK ફલેટ કસમાં વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે

:: સંપર્ક ::
૯૯૨૫૭ ૫૫૦૦૮

**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧



હાર્દિકભાઈ કાચા
મો. ૭૯૯૮૯ ૯૧૩૯૮
ચિંતનભાઈ કાચા
મો. ૯૮૨૫૯ ૭૪૯૯૩

Since 1999

**હાર્દિક ફાસ્ટફૂડ**

Junagadh's Favorite Fast Food Shop

Time : 10:00 am to 11:00 pm
Order Online On SWIGGY
Order Online On ZOMATO

તળાવ દરવાજા, સંકલ્પ કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પંપની સામે, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# નર્મદાના પાણી પહોંચવાથી સૌરાષ્ટ્ર-ઝાલાવાડ પ્રદેશ પણ હરિયાળો બની રહ્યો છે : ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા

## સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ નહિવત કરવા અને વૃક્ષો વાવેતરના સંદેશ સાથે જૂનાગઢમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી






જૂનાગઢ, તા.૬

પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી અપનાવવા, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ નહિવત કરવા અને વૃક્ષ વાવેતરના સંદેશ સાથે જૂનાગઢમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશ મકવાણાની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંબાજી ખાતેથી વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં જૂનાગઢ વન -વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સંબોધન કરતા જગદીશ મકવાણાએ જણાવ્યું કે, ક્લાયમેટ ચેન્જના પરિણામે ઋતુચક્ર બદલાયું છે તેની માનવ જીવન પર વિપરીત અસરો થઈ રહી છે, ત્યારે આ સ્થિતિમાં મહત્તમ વૃક્ષોના વાવેતર સાથે લોકોએ પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી અપનાવવી રહેશે.

વિકાસની સાથો સાથ પર્યાવરણનું જતન પણ અનિવાર્ય છે, ઉદ્યોગ, કેનાલ, રોડ રસ્તા અને આંતરમાળખાકીય સુવિધાઓમાં વધારો કરવામાં પર્યાવરણને નહિવત અસર થાય તે રીતે આગળ વધવું પડશે. આ સાથે તેમણે સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશ નહિવત પ્રમાણમાં થાય સાથે જ પ્લાસ્ટિક સહિતના કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવા માટે પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

નર્મદાના પાણી પહોંચવાથી સૌરાષ્ટ્ર-ઝાલાવાડ પ્રદેશ પણ હરિયાળો બની રહ્યો છે તેમ જણાવતા તેમણે ક્લાયમેટ ચેન્જ અને પ્રદૂષિત વાતાવરણથી મુક્ત રહેવા માટે મહત્તમ વૃક્ષોના વાવેતર માટે પણ અનુરોધ કર્યો હતો. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નવ વર્ષના શાસનકાળને સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનો ગણાવતા કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી મોદીએ વર્ષો પહેલા પર્યાવરણીય સ્થિતિને ધ્યાનમાં રાખી ક્લાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કર્યો હતો જે પ્રધાનમંત્રીની દૂરંદેશી દર્શાવે છે. અંતમાં મકવાણાએ વિશ્વ પર્યાવરણ દિવસની શુભકામનાઓ પાઠવી હતી. કુલપતિ વી.પી. ચોવટીયાએ વિશ્વ પર્યાવરણ દિવસની પૂર્વભૂમિકા આપતા જણાવ્યું કે ૫૦માં વિશ્વ પર્યાવરણ દિવસ બીટ પ્લાસ્ટિક પોલ્યુશનની થીમ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે, પર્યાવરણ માટે ખતરારૂપ પ્લાસ્ટિક આજે આપણા જીવનનો એક ભાગ બની ગયો છે, ત્યારે પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવો અનિવાર્ય છે. તેમણે કહ્યું કે, ગ્લોબલ વોર્મિંગની અસરોને ઘટાડવા માટે ૧૯૭૪થી ૫મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી રહીછે. સમગ્રવિશ્વમાં ૩.૦૪ ટ્રીલીયન, ભારતમા ૩૪.૪ બિલિયન અને ગુજરાતમાં ૩૫ કરોડ વૃક્ષો નોંધાયેલા છે, ત્યારે માથાદીઠ વૃક્ષોની સંખ્યા ઓછી કહી શકાય તેમ જણાવતા તેમણે વૃક્ષોના વાવેતર-જતન પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે પર્યાવરણના જતન માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. સાથે જ પર્યાવરણ માટે જાગૃતિ સંદર્ભેની મિશન લાઈફ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ પ્રસંગે ગીર પશ્ચિમના નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમરે આભારવિધિ કરી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નાયબ દંડક મુખ્ય જગદીશ મકવાણા સહિતના મહાનુભાવોએ કૃષિ યુનિવર્સિટીના પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે મેયર શ્રીમતી ગીતાબેન પરમાર, આઈએએસ દેવેન્દ્ર મીણા, નાયબ વનસંરક્ષક અક્ષય જોશી, સંશોધન નિયામક ગાજીપરા, આરએફઓ અરવિંદ ભાલીયા અને સુત્રેજા સહિતના વન વિભાગના અધિકારી - કર્મચારી અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ સંગ્રહાલય દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી કરાઇ



જૂનાગઢ, તા. ૬

પાંચમી જૂનનાં પર્યાવરણ દિવસ અનુલક્ષીને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નિયામક સંગ્રહાલય વિભાગ, જૂનાગઢ મ્યુઝિયમ દ્વારા ખાસ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જૂનાગઢ સંગ્રહાલય તાજ મંઝિલ ખાતે સવારે યોજાયેલા આ કાર્યક્રમમાં સંગ્રહાલયના ક્યૂરેટર ડો.શેફાલિકા અવસ્થી એ વૃક્ષોનું મહત્વ સમજાવી પ્રત્યેક વૃક્ષના નામ તથા તેની ઉપયોગીતાની સમજ બાળકોનેઆપી તેમના જ હાથે વૃક્ષારોપણ કરાવ્યું હતું.? આ અવસરે સેક્શન ઓફિસર કે.એલ.વદર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંગ્રહાલયના ઉદ્યાનમાં આ અવસરે પચાસથી વધારે વિવિધ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વૃક્ષોના કુંડાઓનુ પણ અવનવી રીતે સુશોભન કરવામાં આવ્યું હતું. સંગ્રહાલયના કર્મચારીઓ એ જહેમત ઉઠાવી હતી.

# માખીયાળા ખાતે આવેલી સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ સંસ્થામાં બાળાઓને ભોજન કરાવાયું



જૂનાગઢ, તા.૬

અતિ ગંભીર દિવ્યાંગ દીકરીઓની સંસ્થા સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ-માખીયાળાની દિવ્યાંગ દિકરીઓ માટે વિશેષ લાગણી ધરાવતા મિનરાજ સ્કુલ-ભવનાથના સ્થાપકસંચાલક પ્રખર સમાજ સેવક મુરબ્બી દાદુભાઈ કનારા દ્વારા દર પુનમે સંસ્થાની બાળાઓને ભોજન કરાવવામાં આવે છે તે નિમિત્તે ગઈકાલે તા.૪/૬/૨૦૨૩ના રોજ પુનમના વિસે તેઓએ દિકરીઓને ભોજન કરાવી શુભેચ્છા દાન ભેટ આપેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ વન વિભાગના એક મહિલા કર્મચારીની વાઈલ્ડ લાઈફ, પર્યાવરણ અને પ્રકૃતિના જતન માટે અનોખી મુહિમ

## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર બે લાખથી વધુ ફોલોવર્સ : વીડિયોના માધ્યમથી જંગલ, પર્યાવરણ, વન્ય પ્રાણીઓ, વનસ્પતિઓ અને વન સંરક્ષણના કાયદા-નિયમો વિશે આપે છે જાણકારી




જૂનાગઢ તા.૫

જૂનાગઢ વન વિભાગના એક એવા મહિલા કર્મચારી કે, જેમણે વાઈલ્ડ લાઈફ, પર્યાવરણ, પ્રકૃતિના જતન માટે અનોખી રીતે મુહિમ ઉપાડી છે અને તેમાં તેમનેસફળતા પણ મળી રહી છે.

વાત છે, ભવનાથ રાઉન્ડ કચેરીમાં બીટગાર્ડ તરીકે ફરજ બજાવતા મંજુબેન કાંબરીયાની તેમણે સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને વન્યપ્રાણી, વનસ્પતિ, પર્યાવરણ, જંગલ વગેરેને કેવી રીતે સંરક્ષિત રાખી શકાય તે માટે એક પ્રકારે જનજાગૃતિ અભિયાન ઉપાડ્યું છે. તેમ કહેવું ખોટુ નહીં ગણાય. ઈન્સ્ટાગ્રામ ઉપર તેમના ફોલોવર્સ તો લાખોમાં છે.

મંજુબેન કહે છે કે, પ્રકૃતિ, પર્યાવરણ અને વન્યજીવો સાથેના લગાવે મને આ જનજાગૃતિ માટેની પ્રેરણા પૂરી પાડી છે. ત્યારે આજે લોકો સોશિયલ મીડિયા સાથે ખૂબ અટેચ્ડ હોય છે. જેથી સોશિયલ મીડિયાના માધ્યમથી આ કામ શરૂ કર્યું છે. મંજુબેનની આ સફરમાં ઈન્સ્ટાગ્રામ ઉપર ૨ લાખથી વધુ ફોલોવર્સ થઈ ચૂક્યા છે. તેઓ કહે છે કે, લોકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે, જે મારા કામ કરવાના ઉત્સાહને પણ વધારે છે. જેથી યુટ્યુબ પર પણ પ્રકૃતિ, પર્યાવરણ, વન્યજીવોની જાણકારી આપતા વિડિયો મુકવાનુંપણ શરૂ કર્યું છે. મંજુબેનને પોતાની ફરજની સાથો સાથ પ્રકૃતિના શિક્ષણમાં ઉંડોરસ છે, તેઓ કહેછે કે, આજે ઘણાં બાળકોમાં પ્રાણી-પ્રકૃતિ વિશે સામાન્ય જ્ઞાનનો અભાવ જોવા મળે છે. જેથી આ દિશામાં શિક્ષણ કાર્ય કરવામાં આવે તો આવનારી પેઢી જાગૃત થશે. જેથી પર્યાવરણ સંરક્ષણની કામગીરી પણ વધુ સારી રીતે થઈ શકશે.

સિંહ, દિપડા જેવા પ્રાણીઓ રેસક્યુ, રાત્રીના દુર્ગમ વિસ્તારમાં પેટ્રોલિંગ. આમ, વન વિભાગમાં પડકારજનક કામગીરી રહે છે. જેથી ઘણું શીખવા પણ મળે છે. તેમ તેમણે ઉમેર્યુંહતું. મંજુબેનકરસનભાઈ કાંબરીયાએ એમ.એ. ઈંગ્લીશ સુધી અભ્યાસ કર્યો છે. તેઓ લોકરક્ષક તરીકે પોલીસમાં પસંદગી પણ પામ્યા હતા પણ પ્રકૃતિથી નજીક રહેવા માંગતા હતા જેથી વન વિભાગમાંનોકરી કરવાનું પસંદ કર્યું. તેમને વન વિભાગમાં ફરજકાળનો પાંચ વર્ષથી વધુનો સમયગાળો થઈ ચૂક્યો છે. મંજુબેન **manju_ahir** નામે ઈન્સ્ટાગ્રામ ઉપરપેજ ચલાવેછે. તેમાં જંગલ, પર્યાવરણ, વન્ય પ્રાણીઓ, વનસ્પતિઓ અને વન સંરક્ષણના કાયદાઓ નિયમો વિશે પણ જાણકારી આપે છે. મંજુબેન કહે છે કે, આ કામગીરીમાં સહકર્મચારીઓ-અધિકારીઓનો પણ એટલો જ સહયોગ રહ્યો છે. નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, ઈન્ચાર્જ એ.સી.એફ. અરવિંદ ભાલીયાના માર્ગદર્શનમાં મંજુબેન વન સંરક્ષણ માટેની ફરજઅદા કરી રહ્યા છે.

**વિશેષ અહેવાલ : રોહિત ઉસદડ**

# આગ્રા ખાતે અખિલ વિશ્વ રાજગુરૂ સિધ્ધ ઠાકુરનાથજીની ૫૬મી પુણ્ય તિથીની ઉજવણી

જૂનાગઢ, તા.૬

પૂજય સિધ્ધ યોગેશ્વર રાજગુરૂ ઠકુરનાથજીની વરસી ઉત્સવ આગ્રામાં શાહગંજ ખાતે સોમનાથ ધામમાં આજ તા.૬/૬/૨૦૨૩થી તા. ૮/૬/૨૦૨૩ સુધી ભાવપૂર્વક ત્રણદિવસ સુધી ઉજવાશે. આ પ્રસંગે ૧૮માં સામુહિક વિવાહ નિઃશુલ્ક તેમજ સામુહિક જનોઈ સંસ્કારવિધિ શ્રીમદ્ દેવી ભાગવત પુરાણ સાહેબ, સમૂહ મુંડન વિધિ, રાત્રિ જાગરણ, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. દર વર્ષની જેમ આ વર્ષે પરમ પૂજય યોગેશ્વર ઠાકુરનાથજીની શોભાયાત્રા સમગ્ર શાહગંજ વિસ્તારમાં નિકળશે. આ ત્રણ દિવસ દરમ્યાન ગુજરાતમાં વસતા હજારો શિષ્યગણ ત્યાં પધારવા મઠાધીશ પૂજય ડો. શંકરનાથ યોગી દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવે છે. આ વરસી મહોત્સવ ઉપરાંત શાહગંજ આગ્રા ખાતે પૂજય સોમનાથ ધામમાં દરેક તહેવાર ઉપર ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે. તમામ રોગોના નિઃશુલ્ક કેમ્પ પણ યોજવામાં આવે છે. હઠીલા દર્દો માટે આર્યુવેદિક ઉપચાર દ્વારા જડી બુટીથી દવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. ગરીબ વર્ગના લોકો માટે નેત્ર નિદાન કેમ્પો પણ યોજાય છે. આ માનવહિત કલ્યાણકારી પ્રવૃતિઓ આ યોગાશ્રમ દ્વારા કરવામાં આવે છે. મઠાધીશ પૂ. શંકરનાથ યોગી દ્વારા માનવ કલ્યાણકારી પ્રવૃતિઓ કરવામાં આવેછે. ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને ચોપડાઓ તેમજ અન્ય સહાય પણ આપવામાં આવે છે. શૈક્ષણિક કાર્યમાં પણ વિદ્યાર્થીઓને મદદ કરવામાં આવે છે. દરરોજ અમદાવાદથી આગ્રા એકસપ્રેસ ટ્રેન ૧૬:૫૦ કલાકે ઉપડે છે. તેમ એક યાદીમાં જણાવેલ છે.

# સરકારી આયુર્વેદ કોલેજ ખાતે તા.૧૫ થી ૨૦ જૂન સુધી યોગ ચિકિત્સા શિબિર યોજાશે

## તા.૧૪ સુધીમાં શિબિરમાં પ્રવેશ મેળવવા નામ નોંધાવાનું રહેશે

જૂનાગઢ, તા.૬

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે આગામી તા.૧૫/૬/૨૦૨૩ થી તા.૨૦/૬/૨૦૨૩ દરમિયાન સરકારી આયુર્વેદ કોલેજ જૂનાગઢ સંચાલિત વેલનેસ સેન્ટર ખાતે ડાયાબિટીસના રોગીઓ માટે એક યોગ ચિકિત્સા શિબિર નું આયોજન સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન કરવામાં આવેલ છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા સર્વે એ તા.૧૪/૬/૨૦૨૩ સુધીમાં કામકાજના દિવસોમાં વેલનેસ સેન્ટર ખાતે સવારે ૯ થી ૧૨ થી તેમજ બપોરે ૩ -૩૦ થી ૫-૩૦ દરમ્યાન ઉપરોક્ત સરનામે નામ નોંધાવવા જણાવવામાં આવે છે. શિબિરમાં પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે એમ જૂનાગઢ સરકારી આયુર્વેદ કોલેજના પ્રિન્સિપાલ ની એક અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગીર સોમનાથના સુત્રાપાડામાં આધુનિક સુવિધાઓ સાથેની જેડીસીસી બેંકની શાખાનું નવી જગ્યાએ લોકાર્પણ કરાયું




## ઓડીસાની ટ્રેન દુર્ઘટનાના પગલે આયોજકોએ ધામધુમના બદલે લોકાર્પણ સાદગીપુર્વક યોજાયું

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા. ૬

ગીર સોમનાથના સુત્રાપાડા ખાતે આધુનિક સુવિધાસભર જુનાગઢ જિલ્લા સહકારી બેંકની શાખાનું નવા સ્થળે સ્થળાંતર કરીને બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલ, ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેંકના ડાયરેક્ટર પુર્વ મંત્રી જશાભાઈ બારડ, સાંસદ રાજેશ ચુડાસમાના હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ છે. સુત્રાપાડામાં કોડીનાર હાઈવે પર આવેલ બેંકના નવા મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગમાં ધામધુમના બદલે સાદગીપૂર્ણ રીતે યોજવાનું આયોજકોએ જાહેરાત કરી હતી. કાર્યક્રમમાં ઓડીસાની રેલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓ અને ઈજાગ્રસ્તો લોકો સ્વસ્થ થઈ જાય તે માટે બે મિનિટનું મૌન પાડીને પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ભગવાન બારડ, પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્ર પીઠિયા, મહામંત્રી દિલીપ બારડ, પુર્વ ધારાસભ્યો કાળાભાઈ ઝાલા, રાજશીભાઈ જોટવા સહિત તમામ સમાજના આગેવાનો, મંડળીના પ્રમુખો, સુત્રાપાડા પાલિકાના સભ્યો, સહકારી ક્ષેત્રના આગેવાનો અને ખેડૂત ભાઈઓએ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ તકે ઉદબોધનમાં ડીરેકટર જશાભાઈ બારડએ જણાવેલ કે જુનાગઢ જિલ્લા સહકારી બેંકએ જુનાગઢ, પોરબંદર અને ગીર સોમનાથ ત્રણ જિલ્લાની બેંક છે. બેંકની ડિપોઝિટ ૮૦૦ માંથી ૧૦૦૦ કરોડ થઈ છે અને નફો ૨૦૨૧-૨૨ માં ૧૨ કરોડ હતો જે હાલ ચાલુ વર્ષે ૨૦ કરોડ પહોંચવાનો અંદાજ છે. બેંક દ્વારા સોનાચાંદી ઉપર પણ ધિરાણ ચાલુ કરવામાં આવેલ છે. જીલ્લામાં ૪૫ જેટલી બ્રાન્ચો ધરાવતી આ બેંકમાં જૂથળ અને બગડું એમ ૨ નવી બ્રાન્ચ શરૂ થતાં હાલ બ્રાન્ચની સંખ્યા ૪૭ જેટલી થઈ છે. અને આગામી દિવસોમાં નવી ૩૩ બ્રાંચો શરૂ કરવાની રજૂઆત નફેડમાં કરવામાં આવેલ છે. આ નવી બ્રાન્ચની મંજૂરી મળતા જિલ્લાના ખેડૂતોને મોટો લાભ થશે. જયારે ચેરમેન કિરીટભાઈ પટેલે જણાવેલ કે જિલ્લાન બેંકની બ્રાંચોને અતિ આધુનિક બનાવી ઘટતા સ્ટાફની પુરતતા કરી તમામ બ્રાન્ચો થકી ખેડૂતોને પારદર્શક રીતે લાભ મળતો રહે તેવી વ્યવસ્થાઓ કરવાની નેમ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# દવા બનાવતી કંપનીઓ માટે ગુણવત્તાનાં કોઈ નિયમ નથી

ભારતમાં દવા બનાવતી કંપનીઓ માટે ગુણવત્તા નિયંત્રણના કોઈ નિયમ નથી અને ખુદ કંપનીઓ જ પોતાની દવાઓની ગુણવત્તાનું સત્યાપન કરે છે એ તથ્ય હેરાન કરનારું છે. આ યોગ્ય ન જ કહી શકાય, અને એવા સમયે તો નહીં જ કે જ્યારે દવાઓની ગુણવત્તાને લઈને દુનિયાભરમાં જાગૃતિ વધી રહી છે. જોકે ભારત એક મોટો દવા નિકાસકાર દેશ છે અને તેને વિશ્વનું દવા કારખાનું કહેવામાં આવે છે, તેથી સરકાર માટે જરૂરી છે કે તે દવા કંપનીઓ માટે ક્વોલિટી કંટ્રોલનો કોઈ ભરોસેમંદ નિયમ બનાવે. આ નિયમના દાયરામાં નિકાસ થનારી દવાઓ પણ આવવી જોઈએ અને દેશમાં વેચાતી દવાઓ પણ, કારણ કે નકલી અને ખરાબ ગુણવત્તાવાળી દવાઓ વેચાવાની ફરિયાદો આવતી જ રહે છે. એનાથી સંતુષ્ટ ન થઈ શકાય કે ગત દિવસોમાં વિદેશ વેપાર મહાનિર્દેશાલયે એક હુકમ બહાર પાડીને કહ્યું કે પહેલી જૂનથી કફ સિરપ નિકાસકારોને વિદેશ મોકલતાં પહેલાં પોતાના ઉત્પાદનોનું નિર્ધારિત સરકારી પ્રયોગશાળાઓમાં પરીક્ષણ કરાવવું જરૂરી રહેશે. પ્રશ્ન એ છે કે આ નવો નિયમ માત્ર કફ સિરપ પર જ કેમ લાગુ છે? શું એટલે કે ગયા વર્ષે ગાંબિયા અને ઉઝબેકિસ્તાનમાં ભારતીય દવા કંપનીઓ દ્વારા મોકલવામાં આવેલ કફ સિરપમાં ખામી જોવા મળી હતી?

વિશ્વસ્વાસ્થ્ય સંગઠને ભારતીય કંપનીઓ તરફથી આ દેશોમાં નિકાસ કરવામાં આવેલ કફ સિરપથી કેટલાંક બાળકોનાં મોતનો પણ દાવો કર્યો. જોકે આ દાવાને ભારતે પડકાર્યો હતો, પરંતુ દેશથી નિકાસ થનાર કફ સિરપની ગુણવત્તાને લઈને વિશ્વના કેટલાક દેશોમાં શંકા પેદા થવી સ્વાભાવિક છે. એ ઠીક છે કે વિદેશ વ્યાપાર મહાનિર્દેશાલયે કફ સિરપ મામલે એક જરૂરી પગલું ભર્યું, પરંતુ એવું પગલું તો નિકાસ થનારી દરેક દવાઓ મામલે ભરવા જેવું હતું. એની અવગણના ન કરી શકાય કે થોડા સમય પહેલાં કે ભારતીય ફાર્મા કંપની દ્વારા અમેરિકા મોકલવામાં આવેલ આઇડ્રોપમાં ખામી મળવાની વાત સામે આવી હતી. ભારત જેનેરિક દવાઓ પૂરી પાડતો સૌથી મોટો દેશ છે અને દુનિયાના કુલ જેનેરિક ઉત્પાદનના લગભગ ૨૦ ટકાની પૂર્તિ કરે છે. ભારતના દવા ઉદ્યોગની વ્યાપકતા એનાથી સમજી શકાય છે કે દેશમાં ત્રણ હજારથી વધુ દવા કંપનીઓ છે, જે દસ હજારથી વધુ ફેક્ટરીઓ દ્વારા દવાઓનું ઉત્પાદન કરે છે. ૨૦૧૪થી ૨૦૨૨ વચ્ચે ભારતની દવા નિકાસ બે ગણાથી પણ વધીને ૨૪.૬ અબજ ડોલરના સ્તર પર પહોંચી. સ્પષ્ટ છે કે ભારતે પોતાના દવા ઉદ્યોગની શાખને બચાવવા માટે ગમે તે ઉપાય કરવા પડશે. જે રીતે વિદેશ વેપાર મહાનિર્દેશાલય કફ સિરપના નિકાસ મામલે સક્રિય થયું, એ જ રીતે ઔષધિ મહાનિયંત્રકે પણ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે દેશમાં બનતી દવાઓની ગુણવત્તાને લઈને ક્યાંય કોઈ સવાલ ન ઉઠવા પામે.

# ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં ૩ બેઠક માટે રાજ્યસભાની ચૂંટણી યોજાશે

ગાંધીનગર,તા.૦૬

ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં યોજાશે રાજ્ય સભાની ચૂંટણી યોજાવાની સંભાવના છે. કેન્દ્રીય ચૂંટણી પંચે જે રાજ્યોમાં રાજ્યસભાના સભ્યોની ટર્મ પૂર્ણ થાય છે તે રાજ્યોને પત્ર લખ્યો છે. ગુજરાતમાં રાજ્યસભાની ૩ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. વિદેશ મંત્રી એસ.જયશંકર, જુગલ ઠાકોર, દિનેશ અનાવડીયાની ટર્મ પૂર્ણ થવાની છે. ત્યારે આ વખતે પણ ૩ બેઠકો પર ભાજપનું પ્રતિનિધિત્વ થશે. રાજ્યસભાની ૬ વર્ષની ટર્મ પુરી થઈ રહી છે. ૧૮ ઓગસ્ટે આ ટર્મ પુરી થવા જઈ રહી છે. તેની પહેલા ગત સપ્તાહે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા દેશના તમામ રાજ્યો કે જ્યાં જ્યાં રાજ્યસભાની ટર્મ પુરી થઈ રહી છે ત્યાં ચૂંટણીને લઈને જે નોડેલ ઓફિસર, ચૂંટણી અધિકારીની નિમણૂક કરવા માટેનો પત્ર લખવામાં આવ્યો છે.જો ગુજરાતની વાત કરવામાં આવે તો ભૂતકાળમાં આ ત્રણેય બેઠક ભાજપ પાસે હતી. હાલમાં એસ. જયશંકર કે જે વિદેશ મંત્રી હતા, તેમની સાથે જુગલજી ઠાકોર અને દિનેશ અનાવડિયા આ ત્રણેય ભાજપના મેન્ડેટ ઉપર જીત્યા છે. આ ત્રણે ત્રણ હાલમાં ભાજપ સાથે જોડાયેલા છે.આગામી સમયની વાત કરવામાં આવે તો આ વખતનું કોંગ્રેસનું સંખ્યાબળ ગત ટર્મ કરતા ઓછુ છે. એટલે સ્વાભાવિક રીતે આ વખતની રાજ્યસભાની ચૂંટણી માત્ર ઔપચારિક ચૂંટણી રહેવાની છે. આ વખતે કોંગ્રેસ તરફથી ફોર્મ ભરાય તેવી શક્યતા પણ નથી. જો કે રસપ્રદ એ રહેશે કે આ ત્રણ એટલે કે એસ. જયશંકર, જુગલજી ઠાકોર અને દિનેશ અનાવડિયામાંથી ભાજપ રિપીટ કોને કરશે ? અને ભાજપ પડતા કોને મુકશે.એસ. જયશંકરની વાત કરવામાં આવે તો તે હાલમાં વિદેશમંત્રી છે અને તેમના મંત્રાલયે અત્યાર સુધી જે કામગીરી કરી છે. જે મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે અને ગુજરાતમાંથી તે રાજ્યસભાના સાંસદ છે. ત્યારે તેમની કામગીરીને લઈને ફરીથી તેમને રાજ્યસભા સાંસદ તરીકે રિપીટ કરાય તેવી શક્યતા જોવાઈ રહી છે. બીજી તરફ જુગલજી ઠાકોરને જ્યારે ભાજપમાં લાવવામાં આવ્યા હતા ત્યારે ઠાકોર સમાજના સમીકરણ બેલેન્સ કરવાની વાત હતી. જો કે સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે જે પ્રકારની અપેક્ષા ભાજપને હતી તે પ્રકારની કામગીરી જુગલજી ઠાકોર દ્વારા ન થયુ હોવાનું સામે આવ્યુ છે. ત્યારે ઉત્તર ગુજરાતમાંથી જુગલજી ઠાકોરને ડ્રોપ કરી અન્ય ચહેરો પસંદ કરવામાં આવે તેવી શક્યતા છે.દિનેશ અનાવડીયાને રિપીટ કરવાના શક્યતા ૫૦-૫૦ ટકા જેવી લાગી રહી છે. દિનેશ અનાવડીયાને રિપીટ કરી પણ શકાય છે અથવા તો ડ્રોપ કરી શકાય છે. કારણકે દક્ષિણ ગુજરાતનું પ્રતિનીધિત્વ કરતો ચહેરો ગુજરાતમાં નથી. ત્યારે દક્ષિણ ગુજરાતનો કોઈ નવો ચહેરો લાવવાની સંભાવના છે.

# શિવસેના અને ભાજપ તમામ ચૂંટણીઓ સાથે મળીને લડશે : એકનાથ શિંદે



મુંબઈ,તા.૦૬


મહારાષ્ટ્રના રાજકારણમાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અનુસાર શિવસેના અને ભાજપ આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી સાથે મળીને લડશે.

આ ચૂંટણી ગઠબંધન ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં અને ત્યારબાદ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પણ ચાલુ રહેશે. સોમવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બંને નેતાઓ સોમવારે કેન્દ્રીય ગૃહમંત્રીને મળ્યા હતા અને આગામી ચૂંટણી અંગે ચર્ચા કરી હતી. આ જાણકારી ખુદ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સોશિયલ મીડિયા પર આપી હતી, જો કે બાદમાં તેમણે પોતાનું ટ્વીટ ડિલીટ કરી નાખ્યું હતું.

એવું પણ કહેવામાં આવ્યું છે કે મહારાષ્ટ્રમાં સરકાર ચલાવી રહેલા બંને પક્ષોએ સંયુક્ત રીતે નક્કી કર્યું છે કે, મહારાષ્ટ્રમાં આગામી ચૂંટણીઓ બન્ને પક્ષ સાથે મળીને લડશે. હાલમાં મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. આવી સ્થિતિમાં બંને પક્ષોના આ નિર્ણયને મહારાષ્ટ્રના રાજકારણમાં ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.આ નિર્ણય એટલા માટે પણ મહત્વપૂર્ણ બની જાય છે, કારણ કે છેલ્લા ત્રણ દાયકાથી BMC પર ઉદ્ધવ ઠાકરે જૂથનો કબજો છે. આ વખતે, સરકારમાંથી હાંકી કાઢ્યા પછી, ઉદ્ધવ ઠાકરેને પણ મ્સ્ઝમાંથી હાંકી કાઢવા પર એકનાથ શિંદેની શિવસેના અને ભાજપ જોર આપી રહ્યું છે. તમને જણાવી દઈએ કે, બાળાસાહેબ ઠાકરેની શિવસેનામાં મતભેદો બાદ મુખ્યમંત્રીએ સમાન વિચારધારા ધરાવતા ધારાસભ્યોથી અલગ થઈ ગયા હતા. તેણે આ કર્યું કે તરત જ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્રની મહાવિકાસ આઘાડી સરકાર પડી ગઈ.આ પછી એકનાથ શિંદેએ ભાજપની મદદથી સરકાર બનાવી અને ગૃહમાં બહુમતી પણ સાબિત કરી. ચૂંટણી પંચે પણ એકનાથ શિંદે જૂથને વાસ્તવિક શિવસેના તરીકે માન્યતા આપી હતી. આ પછી ઉદ્ધવ ઠાકરે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ગયા, પરંતુ તેનાથી તેમને કોઈ રાહત ના મળી કે ચુકાદો તેમના તરફી આવ્યો નહીં.મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં બંને પક્ષો મહારાષ્ટ્રમાં યોજાનાર આગામી તમામ ચૂંટણીઓ સાથે મળીને લડશે તેવો નિર્ણય લેવાયો હતો.

# મૃતકોના બાળકોના અભ્યાસનો ખર્ચ હવે અદાણી ગ્રુપ ઉઠાવશે

## અદાણી ગ્રુપના માલિક ગૌતમ અદાણીએ ટ્વીટ કરીને જણાવ્યું, ઓડિશામાં ટ્રિપલ ટ્રેન અકસ્માત થયો હતો





નવી દિલ્હી, તા.૬

ઓડિશામાં થયેલા ટ્રેન અકસ્માતમાં ૨૮૮ લોકોના મોત થયા છે. આ અકસ્માત પછી અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ મોટી જાહેરાત કરી છે. ગૌતમ અદાણીએ ટ્વીટ કરી કહ્યું છે કે, ટ્રેન અકસ્માતથી અમે બધા ઘણા વ્યથિત છીએ. તેમણે લખ્યું કે, આ અકસ્માતમાં જે લોકોએ પોતાના વાલીઓને ગુમાવ્યા છે, તેમના અભ્યાસનો ખર્ચ અદાણી ગ્રુપ ઉઠાવશે. ઉલ્લેખનીય છે કે, આ અકસ્માતથી સમગ્ર દેશમાં શોક ફેલાયો છે. ઉલ્લેખનીય છે કે, કોરોમંડલ ટ્રેન અકસ્માતની તપાસ કરવામાં આવી રહી છે. ઓડિશાના બાલાસોરમાં શુક્રવારે સાંજે થયેલા ટ્રેન અકસ્માતમાં ૨૮૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે ૮૦૦થી વધુ મુસાફરો ઘાયલ થયા છે. હજુ સુધી એ સ્પષ્ટ નથી કે અકસ્માત કયા કારણે થયો, પરંતુ સૂત્રોએ સંકેત આપ્યો છે કે, તેનું સંભવિત કારણ સિગ્નલમાં ગરબડ હોવું છે. સરકારે ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસના આદેશ આપ્યા છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ ટ્વીટ કરી કહ્યું કે, ઓડિશાના ટ્રેન અકસ્માતથી અમે બધા ઘણા વ્યથિત છીએ. અમે નિર્ણય લીધો છે કે, જે માસૂમોએ પોતાના વાલીઓને ગુમાવ્યા છે. તેમના સ્કૂલના શિક્ષણની જવાબદારી અદાણી ગ્રુપ ઉઠાવશે. ટ્વીટમાં આગળ લખવામાં આવ્યું છે કે, પીડિતો તેમજ તેમના પરિવારજોને મદદ અને બાળકોને ઉજ્જવળ ભવિષ્ય મળે તે આપણા બધાની સંયુક્ત જવાબદારી છે.

# સોમનાથમાં રહેણાંક મકાનમાં ચાલતી ઘોડીપાસાની કલબ ઉપર LCB નો દરોડો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૬

વેરાવળના જોડીયા સોમનાથમાં એક રહેણાંક મકાનમાં ઘોડીપાસાની કલબ ધમધમતી હોવાની બાતમીના આધારે LCB એ સ્થાનીક પોલીસને અંધારામાં રાખીને દરોડો પાડી ૧૦ જુગારીઓને અઢી લાખની રોકડ, મોબાઈલ સહિતના મુદામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. એલસીબીની કાર્યવાહીના પગલે પોલીસબેડામાં ખળભળાટ તો જુગારીઓમાં ફફડાટ સાથે ચકચાર પ્રસરી છે.

છેલ્લા ઘણા સમયથી વેરાવળ સોમનાથ શહેરની આસપાસના વાડી વિસ્તારમાં જુગારની કલબો ધમધમી રહ્યાની વ્યાપક ચર્ચાઓ થઈ રહી હતી. દરમ્યાન ગઈકાલે એલસીબીના નટુભા બસીયા, નરેન્દ્ર પટાટ, ભાવેશ મોરીને બાતમી મળેલ કે, સોમનાથમાં એક રહેણાંક મકાનમાં જુગારની કલબ ચાલી રહી છે. જેની જાણ કરતા એલસીબીના પીઆઈ વી.કે.ઝાલા એ સ્ટાફ સાથે સોમનાથમાં ભાભા રેસ્ટોરન્ટની બાજુમાં લાંબી શેરીમાં રહેતા વિશાલ ચિત્રોડાના રહેણાંક મકાન ઉપર દરોડો પાડયો હતો. ત્યારે મકાનના એક રૂમમાં ઘોડીપાસાના જુગારની કલબ ધમધમી રહી હતી. ત્યાં જુગાર રમતા (૧) વિશાલ જીતેશ ચીત્રોડા ઉ.વ. ૩૦ (૨) રમેશ ઉર્ફે જોકર નથુ પંડીત ઉ.વ. ૪૦ રહે.મોટા કોળીવાડા (૩) ગોપાલ વીનોદ ગોહેલ ઉ.વ. ૧૯ રહે.મોટા કોળીવાડા (૪) ભીખુ કાળા વાયલુ ઉ.વ. ૫૦ રહે.નાના કોળીવાડા (૫) પ્રકાશ નાગદેવ ઉ.વ. ૩૫ રહે.શારદા નગર, કોડીનાર (૬) મહેન્દ્ર જેરામદાસ લાલવાણી ઉ.વ. ૫૧ રહે.ગુરૂનાનક ચોક (૭) મહેશ અરજન દુસાણી ઉ.વ. ૪૮ રહે.વણેશ્વર સોસાયટી (૮) ધીરૂ મોહનદાસ દુસાણી ઉ.વ.૩૫ રહે. દ્વારકેશસોસાયટી (૯) જમનાદાસ બચુભાઈ લોઢાવી ઉ.વ. ૪૧ રહે.ખારવાવાડ (૧૦) પ્રકાશ ઉર્ફે અપલો દેવેન્દ્ર ડોડેજા ઉં.વ.૪૧ રહે.લાંબીશેરી વાળાને રોકડા રૂ. ૨,૩૮,૪૦૦ તથા મોબાઈન નંગ ૭ મળી કુલ રૂ.૨.૬૦ લાખ સાથે તમામને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે, LCB એ સ્થાનીક પોલીસને અંધારામાં રાખીને પાડેલ દરોડાથી જુગારીઓમાં ફફડાટ ફેલાયેલ તો પોલીસબેડામાં ચકચાર પ્રસરી ગઈ હતી.



૧૦ જુગારીઓને અઢી લાખની રોકડ સહિતના મુદામાલ સાથે ઝડપી પાડયા



ઊના તાલુકાના સૈયદ રાજપરા ગામના માછીમારો દરિયામાં માછી કરવા મધ દરિયે ગયા હતા અને દરિયામાં ઝાળ નાખેલ અને તેમાં મચ્છી ઓ સાથે એક વિશાળ કાય દરિયાઈ કાચબો તેમાં ફસાઈ ગયો હતો અને ખલાસી ઈશ્વર ભાઈ પરમારે ઝાળ કાપી કાચબા ને મુક્ત કરી અને દરિયા માં ફરી તરતો મૂકી જીવ દયા પ્રવૃત્તિ કરી હતી

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઉત્સાહ વગર ક્યારેય કોઈ મહાન ધ્યેય પ્રાપ્ત થઈ શકતું નથી.

- એમર્સન

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ વદ-૩, તા.૬ જૂન ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૧૬, પૂર્વાષાઢા નક્ષત્ર, શુક્લ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), પરોઢે ૪:૪૧ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કર્મચારીઓના પ્રશ્નોથી મનોભાર રહે. ધંધા-ઉદ્યોગ માટે દોડાદોડી કરવી પડે.
વૃષભ: મળેલી તક ઝડપી લેવી. અગત્યના નિર્ણયો લઈ શકાય.
મિથુન: પડવા-વાગવાથી સંભાળવું. આનંદમય દિવસ રહે.
કર્ક: નવિન ખરીદી કરી શકાય. ગૃહજીવનમાં આનંદ રહે.
સિંહ: કાર્યની રૂકાવટ દૂર થાય. રચનાત્મક કાર્ય પ્રત્યે રૂચિ રહે.
કન્યા: ધારેલા કાર્યો કરી શકાય. જૂના લેણા મળે.
તુલા: અકસ્માતનો ભય. નાણાંભીડ રહે.
વૃશ્ચિક: આકસ્મીક લાભ થાય. સંદેશો લેવા-આપવામાં અનુકૂળતા રહે.
ધન: મિલન-મુલાકાતમાં સફળતા. ઉત્સાહ-ઉમંગ રહે.
મકર: શુભ ફળ મળે. ભૌતિક લાભ મળે.
કુંભ: લાંબાગાળાના પ્રશ્નો વિલંબમાં પડે. ધીરજના ફળ મીઠા મળે.
મીન: આર્થિક લાભ રહે. મિત્રોનો સહકાર મળે.

# અમેરિકા ઈચ્છે છે કે ભારત 'નાટો પ્લસ'માં સામેલ થાય ચીન આવ્યું ટેન્શનમાં

નવીદિલ્હી,તા.૦૬

આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતના વધતા જોખમે ચીનના ચહેરા પર દબાણ લાવી દીધું છે. અમેરિકા અને ભારતની વધતી જતી મિત્રતાએ બેઈજિંગને નવો તણાવ આપ્યો છે. સંરક્ષણ સહયોગના મામલે અમેરિકાએ ભારતને ઓફર આપી છે. જો કે ભારતે તેને સ્વીકારવું કે નહીં તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી, પરંતુ પહેલેથી જ ચીનની ઊંઘ હરામ થઈ ગઈ છે. વાસ્તવમાં અમેરિકા ઈચ્છે છે કે ભારત 'નાટો પ્લસ'માં સામેલ થાય. આનો અર્થ એ છે કે જો ભારત આ જૂથમાં જોડાય છે, તો યુદ્ધની સ્થિતિમાં અમેરિકા અને અન્ય યુરોપિયન દેશો, જે તેના સભ્ય છે, મદદ માટે આગળ આવશે.ઁસ મોદીની ૨૨ જૂને અમેરિકાની મુલાકાત પહેલા યુએસ એમ્બેસેડર એરિક ગ્રાસેટ્ટીએ આ પ્રસ્તાવ પર કહ્યું હતું કે, 'એનીથિંગ ઓન ધ ટેબલ' એટલે કંઈ પણ થઈ શકે છે. ચીન વારંવાર તાઈવાનને આંખ બતાવવામાં વ્યસ્ત છે. અમેરિકાએ તાઈવાનની રક્ષા કરવી તેની ફરજ ગણાવી છે. ચીનની આક્રમકતાનો સામનો કરવા માટે અમેરિકાએ તાજેતરમાં યુએસ હાઉસ કમિટીમાં નાટો પ્લસનો પ્રસ્તાવ પસાર કર્યો છે. જો ભારત નાટો પ્લસમાં સામેલ થશે તો તેને એશિયામાં મજબૂત ભાગીદાર મળશે અને તે વધુ સારી રણનીતિ બનાવી શકશે. ચીને તેના સત્તાવાર મીડિયા ગ્લોબલ ટાઈમ્સમાં આ 'ડર' વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું છે કે જો ભારત નાટો પ્લસ તરફ ઝુકાવશે તો તેનાથી નવી દિલ્હીની સ્વાયત્તતા, આંતરરાષ્ટ્રીય સ્થિતિ અને પડોશી દેશો સાથેના સંબંધોને ભારે નુકસાન થશે. 'અમેરિકા રશિયા જેવી સ્થિતિ સર્જવા માંગે છે' ગ્લોબલ ટાઈમ્સે એક નિષ્ણાતને ટાંકીને કહ્યું છે કે અમેરિકાની વાસ્તવિક ચાલ કંઈક બીજી છે. અમેરિકા એશિયા-પેસિફિક ક્ષેત્રમાં રશિયા જેવું મોડલ લાગુ કરવા માંગે છે. ભારત પોતાનો પ્રભાવ વધારવા માટે અમેરિકા અને નાટોના માળખાનો પણ ઉપયોગ કરવા માંગે છે.ચીને પણ આડકતરી રીતે ભારતને ધમકી આપી છે. ચીનના નિષ્ણાતે કહ્યું કે ભવિષ્યમાં નાટો સાથે ભારતના સહયોગની શક્યતાને નકારી શકાય નહીં. પરંતુ જો આવું થશે તો તેનો અર્થ એ થશે કે અમેરિકા ચીન સાથે સ્પર્ધા કરવા ભારતને સીધું દબાણ કરશે. ભારતે રશિયા સાથે લાંબા ગાળાના સારા સંબંધો જાળવી રાખવા જોઈએ, અને અમેરિકાથી અંતર રાખવું તેના માટે સારું રહેશે. નાટો પ્લસ શું છે નાટો પ્લસમાં અમેરિકા સિવાય પાંચ દેશો છે. ઓસ્ટ્રેલિયા, જાપાન, ન્યુઝીલેન્ડ, ઈઝરાયેલ અને દક્ષિણ કોરિયા પણ આ ગ્રુપમાં છે.

અમેરિકા સાથેના સંરક્ષણ કરાર મુજબ યુદ્ધની સ્થિતિમાં તમામ દેશો એકબીજાની મદદ માટે એકસાથે આવશે. ભારત માટે ફાયદા અને ગેરફાયદા જો ભારત આ જૂથમાં જોડાય છે, તો સૌથી મોટો ફાયદો એ થશે કે ચીનની બેકાબૂ ચાલ પર અંકુશ આવશે. ચીન સતત સરહદ પર ઘુસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે અને પડોશી દેશો દ્વારા તેને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### મુસ્લિમ એકતા મંચ દ્વારા જૂનાગઢ શહેરમાં સમૂહ લગ્નનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

# સમાન વિચારધારા ધરાવતા લોકો અને તમામને સાથે લઈ ચાલવાવાળા લોકોની આપણે ખાસ જરૂર છે : પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખ

● લગ્ન પાછળ થતા ખોટા ખર્ચા બંધ કરી શિક્ષણના ઉત્કર્ષ માટે રકમ વાપરવી જોઈએ, સમાજ શિક્ષિત હશે તો દેશ પણ મજબૂત બનશે : ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ● કરિયાવરની સાથે ભારતના બંધારણનું પુસ્તક ભેટમાં આપવામાં આવ્યું







જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેરમાં નરસિંહ મહેતા સ્કુલના ગ્રાઉન્ડમાં મુસ્લીમ એકતા મંચ ગુજરાત દ્વારા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧ દુલાદુલ્હનના નિકાહ યોજવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતભરમાંથી પધારેલા વિવિધ ક્ષેત્રના આગેવાનોએ સમુહ લગ્નના આયોજનમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. ખાસ કરીનો અમદાવાદથી પધારેલા ધારાસભ્ય ઈમરાનભાઈ ખેડાવાલા તેમજ પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીનભાઈ શેખ તેમજ વિસાવદર ભેસાણના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણીએ વિશેષ હાજરી આપીનો કાર્યક્રમને સફળ બનવવાની સાથે શોભા વધારી હતી. ઉપસ્થિત આગેવાનોએ એકી અવાજે ભારતીય સંસ્કૃતિની મહાનાતા, કોમી એકતા અને એકતામાં વિવિધતાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પક્ષાપક્ષીના રાજકારણથી પર રહી આગેવાનોએ ભાગ લીધો હતો. તેમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટીના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જે આ કાર્યક્રમની વિશેષતા હતી.

સમુહ લગ્નમાં ઉપસ્થિત જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ તેમના સંબોધનનો પ્રારંભ ઉર્દુ શેર સાથે કર્યો હતો જેમાં તેમણે કહ્યું કે ‘મેં તો અકેલા હી ચલા થા જાનીબે મંજીલ મગર, લોગ આતે ગયે ઓર કરવાં બનાતા ગયા’ એમ કહીનો તેમણે મુસ્લીમ એકતા મંચના સમુહ લગ્ન આયોજનને બિરદાવ્યું હતું અને કહ્યું કે વર્તમાન મોંઘવારીના સમયમાં લગ્ન સમારંભમાં ખુબ જ ખર્ચ થાય છે અને લોકોને ખુબ જ મુશ્કેલી આવે છે. ત્યારે આ પ્રકારના આયોજન દ્વારા ખોટા ખર્ચાઓને રોકી શકાય છે તેમણે કહ્યું કે શાદી સરળ હોવી જોઈએ. ખોટા ખર્ચાઓ થવા જોઈએ નહી. નબી (સ.અ.વ.)ની સુન્નાત પ્રમાણે વર્તવું જોઈએ અને લગ્ન પાછળ થતો ખર્ચ શિક્ષણના ઉત્કર્ષ માટે વાપરવો જોઈએ. તેમણે કહ્યું કે સમાજ શિક્ષિત હશે તો દેશ પણ મજબુત બનશે. આ તકે તેમણે સરકારી યોજનાઓના લાભ લેવાની તાકીદ પણ કરી હતી. તેમણે વધુમાં કહ્યું કે એ આપણી ભારતીય સંસ્કૃતિ છે કે આપણે તમામ લોકો મહોર્રમ, ઈદ, રથયાત્રા, દિવાળી વગેરે તમામ તહેવારો એક સાથે મળીનો ઉજવીએ છીએ. એ આપણી સંસ્કૃતિ છે અને કોમી એકતાનું પ્રતીક છે.

જયારે દરિયાપુરના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખે તેમના સંબોધનમાં સમુહ લગ્નના કાર્યક્રમને બિરદાવતા કહ્યું કે મુસ્લીમ એકતા મંચનો આ કાર્યક્રમ કોમી એકતા મંચ સાબિત થયો છે. હિંદુ મુસ્લીમ તમામ વર્ગના, સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત છે તે પ્રકારે આ કાર્યક્રમ દ્વારા એકતાનો સંદેશો આપવાનું નકકી કર્યુ છે. આ મહાન ભારત દેશની એ સંસ્કૃતિ છે કે અહીં હિંદુ મુસ્લીમ તમામ વર્ગના લોકો એક સાથે રહે છે. એક સાથે તહેવારો મનાવે છે. જે આપણી આગવી ઓળખ છે. આ કાર્યક્રમમાં સમાજના તમામ વર્ગના તમામ ધર્મના તમામ રાજકીય પક્ષના લોકો ઉપસ્થિત રહે છે. જે બતાવે છે કે આપણી સંસ્કૃતિ કેટલી મહાન છે. આપણે એકબીજાની ધાર્મિક ભાવનાઓનું સન્માન કરવું જોઈએ. આપણે તમામ લોકો એકબીજાના તહેવાર સાથે મળીને ઉજવીએ છીએ. તે ખુબ જ સારી બાબત છે. તેમણે મુસ્લીમ એકતા મંચના ગુજરાતના અધ્યક્ષ ઈમ્તીયાઝ પઠાણને ખાસ અપીલ કરતા કહ્યું હતું કે માત્ર જૂનાગઢ કે સૌરાષ્ટ્રના જ નહી પરંતુ રાજયના તમામ ૩૩ જીલ્લામાં તાલુકામાં નાના મોટા શહેરોમાં અને મહાનગરપાલીકાઓમાં એકતા મંચનું સંગઠન હોવું જોઈએ. બધા સાથે મળીને કાર્ય કરીએ અને તેમાં કોઈપણ રાજકીય પક્ષ કે રાજકીય વિચારાધારા હોવી જોઈએનહી. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી કે કોઈપણ રાજકીય પક્ષના માણસો, આગેવાનો આ મંચમાં હોવા જોઈએ. આ સંગઠનમાં હોવા જોઈએ અને તમામે સાથે મળીનો સમાજ માટે પોતાનું યોગદાન આપવું જોઈએ તેવો અનુરોધ કર્યો હતો અને તમામ જીલ્લાઓમાં સંગઠન બનાવવાની જરૂરીયાત ઉપર ભાર મુકયો હતો. તેમણે કહ્યું કે એક સરખી વિચારધારા, સમાન વિચારધારા ધરાવતા તમામ લોકોને સાથે લઈને ચાલવાવાળા લોકોની આપણે જરૂર છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સાઉથ ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ગામે ગામ મજબુત સંગઠન હોવું જોઈએ અને આ સંગઠન એવું હોવું જોઈએ જે પક્ષાપક્ષીથી પર હોય, જે લોકોને ન્યાય આપવા માટે બંધારણ બચાવવા માટે સમાજના દબાયેલા, કચડાયેલા વર્ગ માટે અને તમામ ધર્મના લોકો માટે કામ કરતું સંગઠન હોવું જોઈએ. આ બાબત ઉપર તેમણે ખાસ ભાર મુકયો હતો. ગ્યાસુદીન શેખે ગુજરાતમાં તમામ સ્થળે સંગઠન બનાવવા માટે તેઓ અને તેમના સાથી મિત્ર ઈમરાન ખેડાવાલા ૨૪ કલાક ઉપસ્થિત છે. જેના માટે લોકો ગમેત્યારે તેમનો સંપર્ક કરી શકે છે. ગ્યાસુદીન શેખના સંબોધનને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધુ હતું.

જયારે આ કાર્યક્રમના મુખ્ય આયોજક મુસ્લીમ એકતા મંચ ગુજરાતના અધ્યક્ષ ઈમ્તીયાઝ પઠાણે તેમના સંબોધનમાં અલ્લાહના રસુલનો તમામ કાર્યકરો, રાહબરોનો, પીર એ તરીકતનો તમામ સહકાર આપનાર લોકોનો, રાજકીય, સામાજીક અને તમામ ક્ષેત્રના આગેવાનોનો આભાર માન્યો હતો. ઈમ્તીયાઝ પઠાણે કહ્યું કે તમામ કામો અલ્લાહની મરજીથી થાય છે. કાર્યક્રમની એક વિશેષ બાબત એ રહી હતી કે દુલ્હા દુલ્હનને કરિયાવરની સાથે ભારતના બંધારણના પુસ્તકની ભેંટ આપવામાં આવી હતી. જે અંગે તેમણે કહ્યું કે જીવનમાં તમામ તબકકે માર્ગદર્શન માટે અલ્લાહની કિતાબ તો છે જ અને તેમાં દરેક સમસ્યાનો ઉકેલ આવી જાય છે. પરંતુ વર્તમાન સમયમાં એકનવા વિચાર રજુ કરતા ભારતના બંધારણનું પુસ્તક પણ આપવામાં આવ્યું છે. જેથી સમાજના લોકોને પોતાના હકો અને ન્યાય અંગે જાગૃતિ આવે. સમાજ અને કોમના લોકો હળીમળીનો રહે તેવા મારા પ્રયાસો છે. અમારી કંઈ ભુલ હોય તો સુધારવાનો પ્રયત્ન કરીશું તેમ જણાવતા ઈમ્તીયાઝ પઠાણે કહ્યું કે ‘દુઆ કરના કે સલામત રહે મેરી હિંમત, કયુકી એક ચિરાગ કહીં આંધીઓ પે ભારી હે’ તેમ કહી તેમનું સંબોધન સમાપ્ત કર્યુ હતું. આ તકે ખાસ ઉપસ્થિત રહેલા સિકકા નગરપાલીકાના પ્રમુખ અબ્દુલ કાદિર બાપુ કાદરીએ તેમના સંબોધનમાં કહ્યું કે આ પ્રકારના કાર્યક્રમ ખુબ જ આવકારદાયક છે. મુસ્લીમ એકતા મંચ અને તેના અધ્યક્ષની હિંમતને દાદ આપવી જોઈએ. જે સમાજને એકતા, મહોબતના પાઠ ભણાવે છે. આપણા નબી (સા.અ.વ.)એ પણ આપણને મહોબત, એકતા, શાંતિ, ઈલ્મનો સંદેશ આપેલ છે અને કુરિવાજોને બંધ કરી સાદા સરળ માર્ગે ચાલવું જોઈએ તેવો સંદેશ આપ્યો હતો.

સમુહ લગ્નના કાર્યક્રમમાં ઈકબાલબાપુ સૈયદ થોરડીવાળાએ રૂપિયા એક લાખનું યોગદાન આપ્યું હતું. અભિજીતભાઈ ઉપાધ્યાય, તંત્રી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક જૂનાગઢ, પોરબંદરના સાંસદ રમેશભાઈ ધડુકના પ્રતિનિધિ અનિલભાઈ જૂનાગઢના ભૂતપૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોશી, પીર એ તરીકત સૈદુબાપુ, કોર્પોરેટર રજાકભાઈ હાલા, ડો.એ.એસ.ખાન, હયાતખાન બ્લોચ, હુસેનભાઈ દલ, વલીભાઈ દલ, એન્જીનીયર ઈસ્માઈલભાઈ દલ, ઈબ્રાહીમભાઈ કુરેશી, વહાબભાઈ કુરેશી, સૈયદે ઝૈનુલ આબેદીન, સલીમભાઈ અઝહરી, અલ્તાફ રાઠોડ, કાદરીબાપુ સિકકા, હારૂનભાઈ મતવા, હરેશભાઈ, ઈકબાલ બાપુ કાદરી, રિઝવાનાભાઈ ડેસર, મોલાના રહેબર રઝા, મુજીબ કાદરી, શબ્બીર સેલોત, અફઝલભાઈ રાઉમા, સોહીલ ગરાના, અફઝલ કચ્છી વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન સાવરકુંડલાથી ખાસ પધારેલા હાફીઝ સાદિકભાઈએ કર્યુ હતું.

## મારા સન્માનનું મહત્ત્વ નથી પરંતુ સમૂહ લગ્ન જેવા કાર્યક્રમો જરૂરી છે : પદ્મશ્રી હીરબાઈબેન લોબી

જૂનાગઢ ખાતે યોજાયેલા મુસ્લિમ એકતા મંચ ગુજરાત આયોજિત સમૂહ લગ્નના કાર્યક્રમમાં પદ્મશ્રી હીરબાઈબેન લોબિનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા હીરબાઈબેન લોબીએ તેમના સંબોધનના કહ્યું કે મારા સન્માનનું મહત્વ નથી પરંતુ સમૂહ લગ્ન જેવા કાર્યક્રમો જરૂરી છે. દીકરાદીકરી તમામને એક સમાન રીતે ભણાવવા જોઈએ. અલ્લાહ આપણી સાથે છે. સારા કામ કરશો તો અલ્લાહ મદદ કરશે. સમાજ આગળ આવશે, તેવો મનનીય સંદેશ આપ્યો હતો. તાજેતરમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા એક સમારોહમાં હિરબાઈબેન લોબીને રાષ્ટ્રપતિ સુશ્રી દ્રૌપદી મૂર્મુના હસ્તે પદ્મ શ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. હીરબાઈબેને સીદી સમાજ તેમજ સમાજના વંચિત વર્ગ માટે દાયકાઓથી સાસણગીર જેવા જંગલ વિસ્તારમાં રહીને વિશેષ કાર્ય કર્યુ છે જેની ભારત સરકારે પણ નોંધ લીધી છે.

## સમૂહલગ્નના કાર્યક્રમો દર વર્ષે યોજવા વિસાવદર ભેંસાણના ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણીનું આહ્‌વાન


જૂનાગઢ ખાતે મુસ્લિમ એકતા મંચ ગુજરાત દ્વારા આયોજિત સમૂહલગ્નના કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલા આમ આદમી પાર્ટીના વિસાવદર ભેંસાણ વિસ્તારના ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણીએ આ તકે સમૂહલગ્ન આયોજનમાં પોતાના તરફથી રૂપિયા ૧૧,૦૦૦નું દાન આપ્યું હતું. ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધન કરતા ભુપતભાઈ ભાયાણીએ કહ્યું કે, આ પ્રકારના આયોજન દર વર્ષે થવા જોઈએ. ભુપતભાઈ એ ભાયાણીએ કહ્યું કે, સમૂહલગ્નનું આયોજન આ પ્રકારે દર વર્ષે કરો કારણ કે, આ મારો પ્રિય સબ્જેક્ટ છે અત્યાર સુધી ૬૦૦થી વધુ દીકરીઓના સમૂહલગ્નમાં ભાગ લીધો છે અને સહયોગ આપ્યો છે. પ્રતિવર્ષ સમૂહલગ્ન યોજવા જોઈએ. જેથી સમાજને ખોટા રિવાજો ખોટા ખર્ચાઓથી બચાવી શકાય. તેમણે ખાસ સંદેશો આપતા કહ્યું કે, લોકશાહીને બચાવવા માટે વિપક્ષ જરૂરી છે. તેમણે ઈમરાનભાઈ ખેડાવાલા અને ગ્યાસુદીનભાઈ શેખના લોકશાહીને જીવંત રાખવાના પ્રયત્નોની ખૂબ જ પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું કે, જૂનાગઢના ભૂતપૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોશી, હીરબાઈ બેન લોબી આપણું સૌનું ગૌરવ છે. ૩૧ દીકરીને આજે આ માધ્યમથી વિદાય આપવામાં આવી રહી છે. ત્યારે સાસરામાં દીકરીઓને સાચવવાની જવાબદારીનું સારી રીતે વહન કરવા તેમને ખાસ સૂચન કર્યું હતું અને નવ દંપતિઓને નવજીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે કહ્યું કે, આજનો કાર્યક્રમ ભારતીય સંસ્કૃતિનો પ્રતીક છે. મુસ્લિમ એકતા મંચ ગુજરાત દ્વારા આયોજિત સમૂહલગ્નના કાર્યક્રમમાં ભુપતભાઈ ભાયાણીની ઉપસ્થિતિ ખૂબ જ પ્રેરક રહી હતી.

### રાજ્યની લાયબ્રેરીઓમાં વધુ સાહિત્ય વસાવી શકાય તે માટે સરકારે ગ્રાન્ટમાં કર્યો વધારો

# રાજયભરના ૩૨૪૯ અનુદાનિત ગ્રંથાલયોને લોકફાળામાંથી મુક્તિ

ગાંધીનગર, તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના શહેરી અને ગ્રામીણ નાગરિકોને અનુદાનિત સાર્વજનિક ગ્રંથાલયોના માધ્યમથી વાંચન સુવિધા સુવ્યવસ્થિત રીતે ઉપલબ્ધ કરાવવાના અભિગમથી એક મહત્વનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ રાજયમાં કાર્યરત ૩૨૪૯ જેટલા અનુદાનિત ગ્રંથાલયોને લોક ફાળામાંથી મુક્તિ આપી રાજ્ય સરકાર દ્વારા વધુ અનુદાન આપવાનો નિર્ણય લીધો છે. રાજય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના માર્ગદર્શન અન્વયે ગ્રંથાલય ખાતા દ્વારા આવા સાર્વજનિક ગ્રંથાલયો કાર્યરત છે. પ્રવર્તમાન સ્થિતીએ આવા ગ્રંથાલયો પૈકીના આદિજાતિ વિસ્તારના અનુદાનિત ગ્રંથાલયોને ૧૦૦ ટકા ,અંધજન ગ્રંથાલયોને ૯૦ ટકા તથા અન્ય ગ્રંથાલયોને ૭૫ ટકાના ધોરણે અનુદાન આપવામાં આવે છે અને બાકીનો લોકફાળો ઉમેરવાનો હોય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા અનુદાનિત ગ્રંથાલયોને આપવામાં આવતા અનુદાનની રકમમાં માતબર વધારો કરવાનો અભિગમ અપનાવ્યો છે. તદઅનુસાર, રાજ્યમાં ૧૮ વિશિષ્ટ ગ્રંથાલયોને હાલ ગ્રંથાલય દીઠ આપવામાં આવતા રૂા.પાંચ લાખના અનુદાનમાં રૂા. એક લાખનો વધારો કરીને ગ્રંથાલય દીઠ રૂા. ૬ લાખ અપાશે. શહેરી ક્ષેત્રોના ૩૫ ગ્રંથાલયોને પ્રત્યેકને મળતા દોઢ લાખ રૂપિયાના અનુદાનમાં વધુ એક લાખ રૂપિયા મળી ગ્રંથાલય દીઠ કુલ અઢી લાખ રૂપિયા અનુદાન, ૧૪ અંધજન ગ્રંથાલયોને પ્રત્યેકને હાલ મળતા ૨ લાખમાં વધારાના ૫૦ હજાર રૂપિયા અનુદાન આપવામાં



આવશે. આ ઉપરાંત શહેરી શાખાના ૭૯ ગ્રંથાલયોને ગ્રંથાલય દીઠ ૧.૫૦લાખ, નગર કક્ષા-૧ ના ૮૪ ગ્રંથાલયોને પ્રત્યેકને ૧ લાખ, નગર કક્ષા-૨ના ૨૪૦ ગ્રંથાલયોને ગ્રંથાલય દીઠ રૂપિયા ૮૦ હજાર, ૧૧૧ મહિલા ગ્રંથાલયોને પ્રત્યેકને ૬૦ હજાર તેમજ ૧૦૬ બાળ ગ્રંથાલયોને ગ્રંથાલય દીઠ ૬૦ હજાર, ૨૫૬૦ જેટલા ગ્રામ ગ્રંશાલયોને પ્રત્યેકને ૪૦ હજાર રૂપિયા તથા બે માન્ય ગ્રંશાલયોને દરેકને પચાસ હજાર રૂપિયાનું વધારાનું અનુદાન આપવામાં આવશે. રાજય સરકાર આ હેતુસર અનુદાનિત ગ્રંથાલયોને કુલ મળીને વાર્ષિક રૂા. ૧૭.૮૨ કરોડ નું વધારાનું અનુદાન ચૂકવશે. આના પરિણામે હવે અનુદાનિત ગ્રંથાલયોમાં સ્પર્ધાત્મક, વ્યવસાયલક્ષી તથા અભ્યાસલક્ષી વધુ સાહિત્ય વસાવી શકાશે. એટલું જ નહિ, આવા સ્પર્ધાત્મક સાહિત્યથી ગ્રામીણ વિસ્તારોના યુવાઓને સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં આગળ વધવાની ઉજવળ તક પણ મળી શકશે. નાગરિકોને શિષ્ટ સાહિત્યનો વ્યાપક પણે લાભ મળશે.

### ૨૦થી ૨૫ જૂન સુધીમાં ગુજરાતમાં ચોમાસું બેસશે

# ઝરમર વરસાદ સાથે વિધિવત રીતે કેરલામાં ચોમાસાનું આગમન થયું

નવી દિલ્હી, તા.૬

હવે વિધિવત રીતે ચોમાસું ગમે ત્યારે બેસી શકે છે તેવું તમે સમજો કારણ કે, સમુદ્રી સીમામાં ચોમાસુ પ્રવેશ કરી ચૂક્યું છે. ભારતના હવામાન વિજ્ઞાન વિભાગ (IMD)એ રવિવારે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું કેરલમાં આગમન થયુંહોય તેવી આગાહી કરી છે. જેના કારણે અનેક રાજયોમાં ભારે વરસાદની આગાહી છે. IMD મુજબ, દક્ષિણ-પશ્ચિમ મોનસૂન હવે લક્ષદ્વીપ અને દક્ષિણ અરબ સાગરના કેટલાક વિસ્તારો સાથે આગળ વધી રહ્યું છે. રવિવારે એલર્ટ આપતા IMDએ કહ્યું કે, રાજસ્થાન, છત્તીસગઢ, ઓરિસ્સા, અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહ, કેરલ, કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરઠવાડા, તટીય આંધપ્રદેશ અને યનમ, તેલંગાણા, રાયલસીમા અને કર્ણાટકના અમુક વિસ્તારોમાં વીજળીના કડાકા અને ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. IMDએ ૬ જૂને કેરલમાં ભારે વરસાદની ભવિષ્યવાણી કરી હતી. જ્યારે કેરલના પઠાનમથિટ્ટા અને ઈડુક્કી જિલ્લામાં સોમવારે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. IMD દ્વારા કરવામાં આવેલી ચોમાસાની આગાહીના પગલે ગુજરાતમાં પણ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. રવિવાર એટલે કે, ૪ જૂનના રોજ અચાનક વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો અને ગુજરાતમાં વહેલી સવારે અનેક જિલ્લામાં ભારે પવન સાથે ઝરમર વરસાદ વરસ્યો હતો. જ્યારે વહેલી સવારે ઠંડકભર્યું વાતાવરણ છવાયું હતું. છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં કમોસમી વરસાદના ઝપટા પડી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં વિધિવત્ત ચોમાસું ક્યારે બેસશે તેની રાહ હાલ ખેડૂતો કરી રહ્યા છે. જો કે, કેરલમાં ચોમાસુ પહોંચી ગયું હોવાથી ખેડૂતોએ ચોમાસા પાકની તૈયારીઓ શરૂ કરી દીધી છે. રાજયમાં પાંચ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૭ જૂનથી ૧૧ જૂન સુધી વરસાદ થઈ શકે છે. દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રમાં ૫ જૂને સાયક્લોનિક સકર્યુલેશન બનતુ હોવાથી વાવાઝોડુ સર્જાઈ શકે છે. જેના કારણે જૂનની આસપાસ સાયકલોનિક સકર્યુલેશન બનશે. જેના કારણે વાવાઝોડા સાથે ૭થી ૧૧ જૂન સુધી વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગની આગાહી છે. રવિવારે વહેલી સવારે રાજ્યમાં અનેક તાલુકામાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ભારે પવન ફૂંકાશે.

## રાજયનું પ્રથમ વસ્તી ગણતરી સેન્ટર વડોદરાની MSUમાં ખુલશે

વડોદરા, તા.૬

દેશમાં સૌથી મોટી જો કોઈ સમસ્યા હોય તો તે વસ્તી વધારો છે. વસ્તી વધારો ઘટાડવા માટે સરકાર પણ અનેક પ્રયાસ કરી રહી છે. તે માટે કેન્દ્ર સરકાર દ્વારા એક નવો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં હવે ગુજરાતમાં વસ્તી ગણતરી સેન્ટર ખુલશે. ત્યારે ગુજરાત રાજ્યમાં વસ્તી ગણતરીનું સૌ પ્રથમ સેન્ટર વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં ખુલશે. સરકાર દ્વારા વસ્તી ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં વસ્તી ગણતરી કરવા માટે રાજ્યમાં અલગથી વસ્તી ગણતરી સેન્ટર ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજયમાં વસ્તી ગણતરીનાં કુલ ૧૮ સેન્ટર ખુલવાના છે. ત્યારે વડોદરાની વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે રાજ્યનું સૌ પ્રથમ વસ્તી ગણતરી સેન્ટર ખુલવા જઈ રહ્યું છે. ત્યારે તંત્ર દ્વારા આ સેન્ટરને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# વેરાવળ ચોપાટી ઉપર સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતાં 'પર્યટન પર્વ'માં રસતરબોળ થયા શહેરીજનો

## 'મોગલ આવે...' 'રંગાઈ જાને રંગમાં..' 'વ્હાલમ..આવો ને' ગીત ઉપર જીગરદાન ગઢવીએ શ્રોતાઓને ડોલાવ્યા



(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૬

રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વેરાવળ ચોપાટી ખાતે 'પર્યટન પર્વનું આયોજન થયું હતું. જેમાં શહેરીજનો અનેકવિધ ભાતીગળ વારસો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રસતરબોળ થયા હતાં. પર્યટન પર્વ નિમિતે યુવા દિલોના ધબકાર 'વ્હાલમ' જીગરદાન ગઢવીએ 'મોગલ આવે...' 'રંગાઈ જાને રંગમાં..' 'વ્હાલમ..આવો ને' જેવા ગીત પર સૂર રેલાવી શ્રોતાઓને ડોલાવ્યા હતા. જયારે સ્વર નટરાજ એકેડમી કચ્છ દ્વારા પરંપરાગત લોકનૃત્ય, નટરાજ ગ્રૃપ રાજકોટ દ્વારા મિશ્રરાસ, તાલાલાના સીદી સમુદાય દ્વારા ધમાલ નૃત્ય, શકિતપરા માલધારી રાસ મંડળ સુરેન્દ્રનગર દ્વારા હુડો રાસ તેમજ શિવશકિત આદિવાસી યુવક મંડળ મીરાખેડી દ્વારા ડાંગી નૃત્ય એમ ગુજરાતના વિવિધ નામાંકીત ગૃપો દ્વારા લોકનૃત્ય, રાસ, ગરબા કલાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ તમામ કલાને શહેરીજનોએ મનભરી માણી હતી. કાર્યક્રમને નિહાળવા પાલિકા પ્રમુખ પિયુષભાઈ ફોફંડી, ઉપપ્રમુખ કપીલ મહેતા, જિલ્લા કલેક્ટર એચ.કે.વઢવાણિયા, ડીડીઓ રવિન્દ્રખતાલે, સોમનાથ ટ્રસ્ટના વિજયસિંહ ચાવડા સહિત અગ્રણીઓ, વિવિધ આગેવાનો તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા.

# વેરાવળની કે.એમ. સવજાણી કોલેજનું ઉજવળ પરિણામ

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૬

વેરાવળ એજયુકેશન સોસાયટી સંચાલિત કે. એમ. સવજાણી તથા કે.કે. સવજાણી બી.બી.એ., બી.સી.એ. કોલેજ વેરાવળમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં ભકત કવિ નરસિંહ મહેતા યુની. જૂનાગઢ દ્વારા માર્ચ-૨૦૨૩ની બી. બી. સેમેસ્ટર-૪ પરીક્ષામાં પ્રથમ સ્થાને યશવી જીતેન્દ્ર દાવડા ૮૨.૨૫ % બીજા સ્થાને, ભાવેશ સોલંકી ૮૧.૭૫ % ત્રીજા સ્થાને, લોઢારી નવીન રમેશભાઈ ૮૧.૦૦ તેમજ બી.સી.એ. સેમેસ્ટર - ૪ પરીક્ષામાં પ્રથમ સ્થાને આહુજા યોમેશ ઘનશ્યામ ૮૫.૧૭, બીજા સ્થાને વઢવાણા નેન્સી હસમુખભાઈ ૮૩.૧૭, ત્રીજા સ્થાને મેનન અર્જુન અજયકુમાર ૮૨.૦૦ તેમજ બી.કોમ સેમેસ્ટર -૪ પરીક્ષામાં પ્રથમ સ્થાને આંજણી શ્રધ્ધા કાંતિભાઈ ૮૨.૨૯ બીજા સ્થાને, રાઠોડ નિમિષા ભરતભાઈ ૭૯.૮૬ ત્રીજા સ્થાને, વિઠ્ઠલાણિ પ્રેરણા ભાવેશભાઈ ૭૯.૧૪ સાથે પાસ થયને પોતાના પરિવારનું તેમજ કોલેજનું ગૌરવ વધારતા આચાર્ય જીગરભાઈ રાવલ તથા કોલેજ ટ્રસ્ટીઓ દ્વારા વિદ્યાર્થીઓને આવકરેલ હોવાનું એક યાદીમાં જણાવ્યું છે.

# ગીર સોમનાથના ખેડૂતો પર્યાવરણનું જતન કરી અપનાવી રહ્યાં છે પ્રાકૃતિક ખેતી

## વર્ષ ૨૦૨૨-૨૩માં જીલ્લામાં કુલ ૧૩૭૨૦ ખેડૂતો દ્વારા અલગ અલગ પાકમાં અપનાવાઈ પ્રાકૃતિક ખેતી



ગીર સોમનાથ. તા.૬

વર્તમાન સમયમાં વધારે પડતા રસાયણયુકત ખાતરો અને જંતુનાશક દવાઓના આડેધડ ઉપયોગથી જમીન અને હવા પ્રદુષીત થવાથી પર્યાવરણમાં અસંતુલનના કારણે ઋતુચક્રોમાં વિષમતા જોવા મળી રહી છે. તેમજ લોકોના સ્વાસ્થ પણ જોખમમાં છે. આ પરિસ્થિતિના નિવારણ અર્થે રાજયપાલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર પુરજોશમાં ચાલી રહ્યો છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ૧૩૭૨૦ ખેડૂતો દ્વારા અલગ અલગ પાક જેવા કે મગફળી, શેરડી, ઘઉં, શાકભાજી, કઠોળ અને બાગાયતી પાકોમાં કુલ અંદાજીત ૧૭૧૯૨ એકર જમીન માં પ્રાકૃતિક ખેતી અપનાવી પર્યાવરણનુ જતન કર્યુ છે. જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ–૧૪૪૪૬ અને વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન કુલ - ૧૧૪૩૨ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ, ગ્રુપમિટિંગ, રાત્રીસભા, ખેડૂત મુલાકાત વગેરે દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગેનું માહિતી માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. ગીર સોમનાથ જિલ્લામાં ૩૨૯ ગ્રામ પંચાયત પૈકી ૧૩૫ ગ્રામ પંચાયતમાં ૭૫થી વધુ ખેડૂતો આગામી ખરીફ સીઝનમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવશે તેમજ ૧૨૧ ગ્રામ પંચાયતમાં ૫૦થી ૭૫ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવેલ છે. તેમજ ૭૩ ગ્રામ પંચાયતમાં ૨૫ થી ૫૦ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી આવી છે.

ઉપરાંત જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અંગેના કુલ– ૩૪ ક્લસ્ટર બનાવવામાં આવ્યા છે. ગુજરાત સ્થાપના દિવસ પહેલી મે ૨૦૨૩થી આ ક્લસ્ટર વાઈઝ ક્લસ્ટર બેઈજ તાલીમની શરૂઆત કરવામાં આવી છે. જેમાં કુલ – ૨૨૧ તાલીમ કરાઈ છે અને કુલ ૫૪૦૮ ખેડૂતો ને ફાર્મર માસ્ટર ટ્રેનર અને ટેકનીકલ માસ્ટર ટ્રેનર દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલ દ્વારા પ્રાકૃતિક ખેતીને એક મહા અભિયાન તરીકે હાથ ધરવામાં આવ્યું છે. રાજ્યના દરેક ગામમાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાય તે માટે વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ પ્રાકૃતિક ખેતી સાથે પર્યાવરણની પણ જાળવણી થાય તેને અનુલક્ષીને વિવિધ પદ્ધતિઓ દ્વારા ગુજરાત સરકારના ખેતીવાડી, બાગાયત એમ વિવિધ વિભાગો થકી ખેડૂતોને માર્ગદર્શન મળી રહ્યું છે.

# જગ વિખ્યાત દ્વારકા જગતમંદિરે રવિવારે જલયાત્રા મનોરથ દર્શન

## ખુલ્લા પડદે ઠાકોરજીને આંબાથી સ્નાન અભિષેક કરાવાયું : પૂર્વ સંધ્યાએ જગતમંદિરેથી વાજતે-ગાજતે ચાંદીના બેડા જારીજી લઈ ભદ્રકાલી મંદિર પરીસરમાં અઘોર કુંડમાંથી પવિત્ર પુજારી પરીવાર જલ ભર્યું



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા, તા.૬

જગ વિખ્યાત દ્વારકાધીશ જગતમંદિરે દર વર્ષની જેમ આ વર્ષ જેઠ સુદ -૧૫(પુનમ) રવિવારના જલયાત્રા ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. ઉત્સવની પૂર્વ સંધ્યાએ એટલે શનિવારના પરંપરાગત રીતે જલયાત્રાની તૈયારી રૂપે પુજારી પરીવારની મહિલાઓ અને પુરૂષો દ્વારા જગત મંદિરેથી વાજતે-ગાજતે ચાંદીના બેડા જારીજી લઈ દ્વારકાના ભદ્રકાલી મંદિર પરીસરમાં આવેલ અઘોરી કુંડમાંથી પવિત્ર જલ ભરવા ગયેલ હતા. જયાં જલ ભરી પુજારી પરીવાર દ્વારા જગત મંદિરે લઈ ગયેલ હતા. જલનું પુજન વિધિ કરી જગતમંદિર ગર્ભગ્રુહ પાસે પાવન જળથી પુજારી પરીવારના પૂરૂષો દ્વારા શાસ્ત્રો વિધીથી સાથે સાંજે કુંડ(હોજ) ભરવામાં આવ્યું. શ્રીજીના બાલ સ્વરૂપ ગોપાલજીને જુઈ ચમેલી મોગરા સહિતના પુષ્પ શણગાર કરી નાવમાં બેસાડવામાં આવ્યા. સવારે મંગલા આરતી ૬ કલાકે થયા બાદ કાળિયા ઠાકોરને જેષ્ઠાભિષેક ખુલ્લા પડદે સ્નાન આંબાથી અભિષેક ૮:૦૦ કલાકે થયું હતું. બાદમાં શુંગાર આરતી સવારે ૧૧ કલાકે થઈ હતી. અનૌસર(મંદિર બંધ) ૧ થી ૫ વાગ્યા સુધી રાખ્યું હતું. શ્રીજીને સાંજે ઉત્થાપન બાદ જલયાત્રા(નાવ મનોરથ) દર્શન ૭ થી ૯:૩૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યો હતું. વર્ષ દરમ્યાન ઠાકોરજીને બે વખત જ ખુલ્લા પડદે સ્નાન અભિષેક કરાવામાં આવે છે. એક જન્માષ્ટમીના તેમજ જેઠ માસની પુનમના જયેષ્ઠાભિષેક દરમ્યાન ઠાકોરજીને ખુલ્લા પડદે સ્નાન કરાવવામાં આવતું હોય છે.

## રાજકોટ જીલ્લામાં ૭૪માં વન મહોત્સવ-૨૦૨૩ની ઉજવણી અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા

# જરાજકોટને ઘનિષ્ઠ હરિતકરણ બનાવવા માટે વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન વાવેતર માટે ૧૩ નર્સરીઓમાં ૧૭.૮૨ લાખ રોપાઓનો ઉછેર

ગુજરાત સરકારના વન વિસ્તાર સિવાયના વિસ્તારમાં ઘનિષ્ઠ વનીકરણ થાય અને પર્યાવરણ સંરક્ષણ માટે લોકોમાં જાગૃતિ આવે, તે માટે સામાજિક વનીકરણ વિભાગદ્વારા દર વર્ષે લાખોની સંખ્યામાં રોપાઓ ઉછેરી વાવતેર માટે વિતરિત કરવામાં આવે છે. જે અન્વયે રાજકોટ જિલ્લામાં ૭૪માં વન મહોત્સવ-૨૦૨૩ની ઉજવણી અંતર્ગત જિલ્લાની ૧૩ ખાતાકીય નર્સરીઓમાં ૧૭.૮૨ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે, જેનું ચાલુ વર્ષે વનવિભાગ દ્વારા વ્યક્તિગત અને સંસ્થાને વાવેતર માટે વિતરણ કરવામાં આવશે. રાજકોટ જિલ્લા વન વિભાગના નાયબ વન સંરક્ષક તુષાર પટેલે જણાવ્યું હતું કે, વન મહોત્સવ-૨૦૨૩ અંતર્ગત સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ખાતાકીય નર્સરીઓ દ્વારા જિલ્લામાં ૧૭.૮૨ લાખ રોપાઓ જુદી-જુદી સાઈઝની પોલીથીન બેગમાં ઉછેરવામાં આવ્યા છે. જેમાં વિંછીયા તાલુકામાં 'શ્રી વિવેકાનંદ નર્સરી'માં ૧.૯૧ લાખ રોપા, પડધરી તાલુકામાં 'નારણકા નર્સરી'માં ૨.૦૨ લાખ રોપા, ધોરાજી તાલુકામાં 'ભોળા નર્સરી' ૧.૬૧ લાખ રોપા, જેતપુર તાલુકામાં 'પુનીત નર્સરી'માં ૮૫ હજાર રોપા તથા મેવાસા નર્સરીમાં ૫૫ હજાર રોપા, કોટડાસાંગાણી તાલુકામાં 'આશાપુરા નર્સરી'માં ૨.૦૬ લાખ રોપા, ઉપલેટા તાલુકામાં મોજ ડેમ નર્સરીમાં ૧.૫૬ લાખ રોપા, જામકંડોરણા તાલુકામાં દુધીવદર નર્સરીમાં ૧.૧૦ લાખ રોપા, રાજકોટ ઉત્તરમાં રાંદરડા નર્સરીમાં ૧.૯૧ લાખ રોપા, મુંજકા નર્સરીમાં ૧.૭૦ લાખ રોપા તથા કણકોટ નર્સરીમાં ૪૨ હજાર રોપા, રાજકોટ દક્ષિણમાં વાવડી નર્સરીમાં ૧.૦૭ લાખ રોપા તથા દેવગામ નર્સરીમાં ૧.૦૭ લાખ રોપા સહીત રાજકોટ જિલ્લામાં કુલ ૧૭.૮૨ લાખ રોપાઓનો સમાવેશ થાય છે. તેઓએ વધુમાં ઉમેર્યુ હતું કે, ૨૦૨૩-૨૪ દરમ્યાન જુદાજુદા મોડેલ હેઠળ ૩૧૬ હેક્ટરમાં ૩,૦૯,૯૭૭ રોપાઓનું ખાતાકીય વાવેતર કરવામાં આવશે. જેમાં એન્વાયર્નમેન્ટ મોડેલ હેઠળ શિવપુર (નારણકા) અને જવાહર નવોદય વિદ્યાલય ખાતે કુલ ૦૭ હેક્ટર વિસ્તારમાં ૭૭૭૭ રોપાઓનું વાવેતર, ગ્રામવન પિયત મોડેલ હેઠળ નાના સગાડીયા, ભાડેશ્વર મહાદેવ મંદિર, જીવાપર, ભલગામડા, છાડવાવદર કામઢવાળો વિસ્તાર, વાવડી, ચિખલીયા ખાતે ૨૬ હેક્ટરમાં ૪૧૬૦૦ રોપાઓનું વાવેતર, ગ્રામવન બિનપિયત મોડેલ હેઠળ સરધાર દરગાહની બાજુમાં, થોરડી રોડ લોધિકા, રૂપાવટી, સતાપર, પારેવડા, કાગવડ, ભલગામડા કોબા વિસ્તાર, ગુંદાસરી, વડાળી ખાતે ૩૧ હેક્ટરમાં ૧૨૪૦૦ રોપાઓનું વાવેતર, પટ્ટી વાવેતર મોડેલ હેઠળ અમરાપુર-વિંછીયા રોડ સાઈડ, જેતપુરથી જૂનાગઢ નેશનલ હાઈવે તથા જેતપુરથી ઉપલેટા હાઈવે, ભાદરકાંઠાથી ધોરાજી, ભાદરકાંઠાથી સુપેડી, સાતુદડથી ચિત્રાવડ રોડ, ઉપલેટા - પોરબંદર નેશનલ હાઈવે ઉપર ૧૯ હેક્ટરમાં ૧૫૨૦૦ રોપાઓનું વાવેતર તથા ફાર્મ ફોરેસ્ટ્રી મોડેલ હેઠળ ૨૩૩ હેક્ટર વિસ્તારમાં ૨,૩૩,૦૦૦ રોપાઓનું વાવેતર કરી રંગીલા રાજકોટ જિલ્લાને વધુ હરિયાળું બનાવાશે.



**સંકલન : પારૂલ આડેસરા, ભાવિકા લીંબાસીયા**

# ટોક ઓફ ટાઉન બન્યો બિહારમાં નિર્માણાધીન થઈ રહેલા બ્રીજનાં તૂટવા સાથે અહીંનો સબંધ !

## અહીં નિર્માણાધીન થઈ રહેલા "સિગ્નેચરબ્રીજ" સામે પણ હવે શંકાનાં વાદળો ઘેરાવા લાગ્યા છે : ડીઝાઈન પણ તે પ્રકારની-કોન્ટ્રાકટર કંપની પણ તે અને કેગનાં અહેવાલ પ્રમાણે કોઈપણ પ્રકારની પર્યાવરણીય મંજુરી પણ નહિ અને ૯૦ ટકા કામ પૂર્ણ !



(સુરેશચંદ્ર એમ. ધોકાઈ)
દ્વારકા, તા.૬

બિહારમાં ગંગા નદી ઉપર ભાગલપુરમાં અગુવાની-સુલતાનગંજ વચ્ચે આશરે ૧૭૦૦ કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણાધીન થઈ રહેલા બ્રીજનો ૧૦૦ ફૂટ જેટલો ભાગ ધરાશાઈ થઈ જતા બિહારનું રાજકારણ ગરમાયું છે. ત્યારે તે અંગેનાં સમાચાર બહાર આવતા તેના પડઘા અહીં યાત્રિકો અને પ્રજામાં પડી રહ્યા હોય તેમ અહીં પણ આજ પ્રકારની ડીઝાઈન ધરાવતો ઓખા-બેટ દ્વારકાને જોડતો નિર્માણાધીન થઈ રહેલ બ્રીજ "સિગ્નેચરબ્રીજ"ની કામગીરી સામે પ્રશ્નો ઉભા થવા લાગ્યા હોવાનું ખુલ્લેઆમ ચર્ચાઈ રહ્યું છે. જે અંગે બહાર આવેલ વિગત મુજબ બિહારની નિર્માણાધીન થઈ રહેલા બ્રીજની ધારાશાઈ થવાની ઘાટના માટેનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાતું કારણ હોય તો તેનાં નિર્માણમાં વપરાતા માલ સામાનની ગુણવતા અને તેની ચકાશણી પરત્વેની તંત્રની બેદરકારી હોવાનો ગંભીર આક્ષેપ કરતા પરબાતાનાં ધારાસભ્ય ડો.સંજીવકુમારે જણાવેલ છે કે આ કામની કોન્ટ્રેકટર કંપની એસ.પી.સિંગલા આ કામ ક્વોલીટી પૂર્ણ કરેલ નથી હકીકતમાં આ બિહારનાં મુખ્યમંત્રી નીતીશકુમારનો ડ્રીમ પ્રોજેક્ટ હતો. વધુમાં જણાવાતા તેમણે જણાવેલ કે અત્રે ઉલ્લેખનીય છે કે આ બ્રીજ ગત તા.૨૯-૪-૨૦૨૨નાં રોજ ભારે પવનના કારણે તેના ૩૬ પિલર પણ તૂટી ગયેલ અને તે ધારાશાયી થઈ ગયેલા અને ફરી પણ તેજ ઘટનાનું પુનઃનિર્માણ થયુંછે. જેમાં પ્રાથમિક દ્રષ્ટિએ કોઈપણ જવાબદાર હોય તો તે ફક્ત અને ફક્ત તેનું બાંધકામ કરતી કોન્ટ્રેકટર કંપની એસ.પી.સિંગલા દ્વારાઆ કામ ક્વોલીટી પૂર્ણ કરેલ નથી. ત્યારે ઉપરોકત ઘટનાનો જોડાતા યાત્રિકો અને સ્થાનિકો દ્વારા ટોક ઓફ ધ ટાઉન બનેલ આ વિષય ને સાંકળતા અહીં ઓખા-બેટ દ્વારકા વચ્ચે બની રહેલા રાજયના એક સમયના મુખ્યમંત્રી અને હાલનાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ જેવા "સિગ્નેચરબ્રીજ"ને સાંકળતા જાહેરમાં ચર્ચાઈ રહ્યું છે કે બિહારમાં આ બ્રીજ બનાવનાર કંપની એસ.પી. સિંગલા નામની કંપની પણ અહીં આજ પ્રકારનો આ સિગ્નેચર બ્રીજ બનાવાનું કામ કરી રહેલ છે. ત્યારે હવે તેની ગુણવતા પરત્વે કોઈપણ બેદરકારી ભવિષ્યમાં આજ પ્રકારની ઘટના અહીં નિર્માણ કરનારી બની રહે ત્યારે નવાઈ પામાવા જેવું કઈ નહિ રહે કે તે પરત્વે કોઈ કાયદાકીય કાર્યવાહી પણ કરી શકાય તેવી શકયતા નહીવત જણાય છે. કારણ કેઆ રાજ્યનાં એકમાત્ર આ પ્રકારનાં કેબલ બ્રીજને બનાવવા માટે કેન્દ્રીય કામ્પ્રલટોર જનરલ(કેગ)નાં હમણા વિધાનસભામાં રજુ કરાયેલા અહેવાલ મુજબ અત્યારે આઅંગે કોઈ પર્યાવરણીય મંજુરી જ લેવામાં આવેલ નથી અને તેનું ૯૦ટકા જેટલું કામ પૂર્ણ પણ થઈ ગયેલ છે. જ્યારે બિહારનો બ્રીજ ગત વર્ષે ભારે પવનના કારણે તેના એક સાથે ૩૬ પિલર ધારાશાયી થયાનું નોંધાયેલ છે. ત્યારે ત્યાં તો આવી ભારે પવન ની ઘટના તો વર્ષોમાં એકાદ વખત બને છે. ત્યારે અહીં તો દર વર્ષે બંગાળના અખાતમાં ઉભા થતા વાવાઝોડાની અસર અને અરબી સમુદ્રમાં દર વર્ષે મેં થી સપ્ટેમબર માસ સુધીનાં મોન્સુન સીઝનનાં સમય દરમ્યાન સામાન્ય પણે સમુદ્ર તોફાની રહેવા સાથે ભારે પવન ફૂંકાતો હોય છે ત્યારે હવે આ સિગ્નેચર બ્રીજની ગુણવતા બાબતે યોગ્ય તપાસ થાય તે જરૂરી જણાય છે. જ્યારે બીજી બાજુ જો આ બ્રીજનો થોડોઘણો ભાગ પણ અકસ્માતે સમુદ્રમાં પડશે તો અહીંનાં મચ્છીમારી ઉદ્યોગને કાયમી ધોરણે બંધ કરવાનો સમય આવશે અને તે કારણે હાજારો લોકોની રોજીરોટી સામે કાયમી પ્રશ્નાર્થ ઉભો થશે તે બહુ મોટી નુકશાની સાબિત થશે. ત્યારે બિહારની ઘટના બાદ અહીં નિર્માણાધીન થઈ રહેલા બ્રીજની ગુણવતા પ્રશ્ને કોઈ બેદરકારી રહેવા ના પામે તેવું યાત્રિકો અને પ્રજા ઈચ્છી રહ્યાનું બહાર આવેલ છે.


**ઓખા-બેટ દ્વારકા વચ્ચે બની રહેલ સિગ્નેચર બ્રીજનું ૯૦ ટકા કામ પૂર્ણ પણ તે માટે પર્યાવરણ મંજુરી જ લેવામાં આવેલ નથી !**

દેશમાં એક માત્ર આશરે ૯૭૫ કરોડ રૂપિયાનાં ખર્ચે સમુદ્ર કિનારા ઉપર કેબલ ઉપર સ્થાપિત જ્હુલાતા પુલ જેવો "સિગ્નેચર બ્રીજ" બનાવવા માટે તે સમુદ્ર કિનારા ઉપર બનતો હોય તે અંગેની પર્યાવરણીય મંજુરી રાજ્યનાં પર્યાવરણ ખાતા અને સી.આર.ઝેડ. ખાતા પાસે સંયુક્ત લેવાની હોય છે જે અંગેની ગભીર નોંધ લેતા કેગ દ્વારા જણાવ્યું છે કે હજુ સુધી ફક્ત સી.આર.ઝેડ. ખાતામાં અરજી કરવામાં આવેલ છે. ત્યારે પ્રશ્ન તે થાય છે કે આ પુલનું ૯૦ટકા બાંધકામ પૂર્ણ થવા ઉપર છે ત્યાં સુધી કોઈ મંજુરી જ લેવામાં આવેલ ના હોય ત્યારે છેલ્લા ત્રણ વર્ષથી ચાલતા આ કામની ગ્રાન્ટ ક્યાં હેડ હેઠળ લેવામાં આવી અને વાપરવા માં આવી તે મોટો પ્રશ્ન છે. કારણ કે કેગનાં અહેવાલમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે બહુ મોટી સરકારી ગ્રાન્ટની રકમ ક્યા વાપરવામાં આવેલ છે અને ક્યાંથી આવેલ છે તેનો કોઈ હિસાબ જ ઓડીટ દરમ્યાન મળેલ નથી. જે પણ આ હકીકતની એક આશ્ચર્ય જનક સત્ય હકીકત બહાર આવેલ છે. જે સ્પષ્ટ કરે છે કે હવે તંત્ર "ગુડ ગવર્નન્સનાં બદલે ગોડ ગવર્નન્સ(ભગવાનભરોસે) ચાલી રહ્યું છે.

### બ્રોડગેજ લાઈનને પલાસવા થી શાપુર સાથે જોડવાની બુલંદ માંગણી સાથે

# પલાસવા-શાપુર રેલ જોડાણ સમિતિની થયેલ રચના

## ૨૧ સભ્યો સાથેની સમિતિ દ્વારા ભાવિ રણનિતી નક્કી કરવા કાર્યવાહી હાથ ધરાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ અમરેલી બ્રોડ ગેજ કન્વર્ઝનનું કામ શરૂ થાય તે પહેલાં આ રેલ્વે ટ્રેકને પલાસવા થી શાપુર જોડી દેવાની માંગણીને વધુ બુલંદ બનાવવાની નેમ સાથે એક સમિતિ ગંઠન કરવામાં આવેલ છે. જે સમિતિ દ્વારા આ લડતને મજબૂત બનાવવા માટે સતત પ્રયત્ન થનાર છે. આ સમિમિનું નામ પલાસવા શાપુર રેલ જોડાણ સમિતિ આપવામાં આવેલ છે. જેના કન્વીનર તરીકે સર્વાનુમતે કે.બી. સંઘવી (એડવોકેટ) તેમજ સહ કન્વીનર તરીકે અમૃત દેસાઈ અને રાજેન્દ્રભાઈ જોબનપુત્રાની નિયુક્તિ કરવામાં આવી છે. સાથે સાથે જાગનાથ મંદિર વિસ્તારના આગેવાનો અને સોસાયટીના પ્રમુખો પણ આ સમિતિના સદસ્ય તરીકે જોડાયા છે. કુલ ૨૧ જેટલા સભ્યો આ સમિતિમાં જોડાયા છે. વિશેષમાં જણાવ્યું છે કે, પલાસવા-શાપુર રેલ જોડણ સમિતિની રચના કરવામાં આવી છે અને તેનું મુખ્ય કાર્ય જૂનાગઢ-અમરેલી હયાત રેલ્વે લાઈન જયારે બ્રોડગ્રેજ લાઈનમાં રૂપાંતર થનાર છે અને ફાટક મુકત કરવા માટે બનનારા અંડર બ્રીજના કારણે ભવિષ્યમાં સર્જનારી મુશ્કેલી તેમજ વિવિધ પ્રશ્નો અંગે બનાવવામાં આવેલી લડત સમિતિમાં વધુમાં વધુ લોકો જોડાણ માટે તત્પર થઈ રહ્યા છે અને લોકોને આ સમિતિમાં જોડાવવા અપીલ કરવામાં આવેલ છે. ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવામાં આવી રહી છે. તેમજ આ બ્રોડગેજ લાઈનને પલાસવા થી શાપુર સાથે જોડી અને આગળની કાર્યવાહી બુલંદ માંગણી સાથે ભાવિ રણનિતી નક્કી કરવામાં આવી રહી છે.

# સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે ભાજપ પ્રદેશ મિડીયા વિભાગના પદાધિકારી

## ઈલેક્ટ્રોનિકસ મિડીયા, સોશ્યલ મિડીયાના પ્રભાવ વચ્ચે પણ પ્રિન્ટ મિડીયાનો દબદબો હજુ પણ યથાવત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢના લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલયની ગઈકાલે ભારતીય જનતાપાર્ટીના ગુજરાત પ્રદેશના મિડીયા વિભાગના પ્રવકતાઓએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. તંત્રીશ્રી અભિજીત ઉપાધ્યાય તેમજ સિનીયર સબ એડીટર જગદુશા ડી. નાગ્રેચા અને સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા તેઓને આવકારવામાં આવ્યા હતા. આ શુભેચ્છા મુલાકાત દરમ્યાન વિવિધ ચર્ચાઓ, મંત્રણાઓ અને મિડીયાની ભૂમિકા અંગે વિશદ છણાવટ કરવામાં આવી હતી.

અખબારી જગતનાં ભિષ્મ તેમજ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં સ્થાપક સ્વ. કાર્તિકભાઈ ઉપાધ્યાયએ આપેલા યોગદાનને યાદ કરી તેમજ તેઓશ્રીની ભાવવંદના કરવામાં આવી હતી. અને શ્રધ્ધાસુમન અર્પણ કરી તેમનાં ચરણોમાં પુસ્તક અર્પણ કરી સન્માનીત કરાયા હતાં.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના નવ વર્ષ પુર્ણ થતા હોય ભારતીય જનાતા પાર્ટી દ્વારા સંપર્ક સે સામર્થન અભિયાન અંતર્ગત ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્ય સી.આર. પાટીલની સુચનાથી મિડીયા કન્વીનર યજ્ઞેશભાઈ દવે તથા પ્રદેશ પ્રવકતા યમલભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ પ્રદેશ ડીબેટ પ્રવકતા શૈલેષ પરમાર તથા હિતેશ પટેલ જૂનાગઢ મહાનગર ખાતે પત્રકારોની શુભેચ્છા મુલાકાતે આવેલા હતા. ભાજપ પ્રદેશના મિડીયા વિભાગના પદાધિકારીઓ સાથે તંત્રીશ્રી અભિજીત ઉપાધ્યાયએ વિશદ ચર્ચાઓ પણ કરી હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના નવ વર્ષના વિકાસ કાર્યોની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત વર્તમાન સમયમાં પ્રિન્ટ મિડીયા, ઈલેકટ્રોનિકસ મિડીયા અને સોશ્યલ મિડીયાના પ્રભાવ અને કાર્યશીલી બાબતે પણ ચર્ચા-વિચારણ થઈ હતી. જૂનાગઢ શહેરના વિવિધ વિકાસ કામો અંગેની પણ ચર્ચાઓ કરવામાં આવી હતી અને તંત્રીશ્રી અભિજીત ઉપાધ્યાય દ્વારા ઉપસ્થિત મહાનુભાવો સમક્ષ જૂનાગઢ શહેરના પ્રાણ પ્રશ્નો, વિકાસના પ્રશ્નો અને લોકોની સમસ્યા અંગે પણ ચર્ચા વિચારણા થઈ હતી. મહાનગરપાલિકાની હકીકત અને જૂનાગઢ જનતાનાં પ્રાણ પ્રશ્નો ઉપર વિશેષ ભારપૂર્વક સાચી માહિતી આપી હતી. જૂનાગઢની અંદર ઈન્ડસ્ટ્રીઝ લાવવા માટે પ્રયત્ન કરવા જોઈએ તે પ્રશ્નોની સમસ્યાની ચર્ચા કરવામાં આવી હતી. જૂનાગઢ મહાનગર મિડીયા વિભાગના સુરેશભાઈ પાનસુરીયા, સંજયભાઈ પંડયા, જીતેન્દ્રભાઈ ઠકરાર, કેતનભાઈ નાંઢા વિગેરે પણ સાથે રહ્યા હતા.

# પાકિસ્તાન જેલમાં બંદીવાન ૨૦૦ માછીમારો મુક્ત થઈ પરીવારજનોને મળતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા



**મુક્ત થયેલા માછીમારો ત્રણેક વર્ષથી પાકીસ્તાન જેલમાં કેદ હતા અને હજુ ૨૬૦ થી વધુ કેદ હોવાનું સામે આવ્યું વડાપ્રધાન મોદી પાકિસ્તાન જેલમાં બંદીવાન ભાઈઓને વ્હેલીતકે મુકત કરાવે તેવી માંગણી કરતાં માછીમારો**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા. ૬

ગઈકાલે પાકિસ્તાન જેલમાંથી મુક્ત થયેલા ૨૦૦ માછીમારો માદરે વતન વેરાવળ પહોંચી પરીવારજનોને મળતા ભાવુક અને લાગણી દ્રશ્યો સર્જાયા હતા. મુકત થયેલા માછીમારો ત્રણેક વર્ષથી પાકિસ્તાન જેલમાં સબડી રહ્યા હોવાની વિગતો સામે આવી છે અને હજુ પણ ૨૬૦ થી વધુ ભારતીય માછીમારો પાક. જેલમાં કેદ હોય જેઓને વ્હેલી તકે મુક્ત કરાવવા વડાપ્રધાન મોદીનો રાજ્ય સરકાર સમક્ષ મુક્ત થયેલા માછીમારોએ ગુહાર લગાવી છે. ભારત અને પાકિસ્તાન સરકાર વચ્ચે બંદીવાન ભારતીય માછીમારોને મુક્ત કરવાને લઈ લાંબો સમય ચાલેલ વાટાઘાટો બાદ તબક્કાવાર માછીમારો મુક્ત થઈ રહ્યા છે. જેમાં થોડા દિવસો પહેલા ૧૯૮ જેટલા મુક્ત થયા બાદ તાજેતરમાં પાકિસ્તાન સરકાર દ્વારા વધુ ૨૦૦ માછીમારો મુકત કરવામાં આવ્યા હતા. જે માછીમારોને વાઘા બોર્ડર રાજયના ફિશરીઝ વિભાગને સોંપ્યા બાદ રેલ મારફતે બરોડા અને ત્યાંથી બસ મારફતે ગઈકાલે સાંજે માદરે વતન વેરાવળ પહોચ્યા હતા. ત્યારે પ્રથમ કીડીવાવ ખાતે માછીમારોનું જુદી જુદી સુરક્ષા એજન્સીઓ દ્વારા ઈન્ટ્રોગેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. બાદમાં કચેરી ખાતે લઈ જવાયા હતા. જયાં કાગડોળે રાહ જોઈ રહેલા માછીમારોના પરીવારના વૃદ્ધોથી લઈને બાળકો સહિતનાઓ પોતાના સ્વજનોને મળતા જ અશ્રુઓનો દરીયો વહેવાની સાથે લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા. ગઈકાલે મુકત થયેલા ૨૦૦ માછીમારોમાં ગીર સોમનાથ જિલ્લાના ૧૨૯, દ્વારકાના ૩૧, પોરબંદરના ૪, જૂનાગઢના ૨, નવસારીના ૫, દિવના ૧૫, ઉત્તરપ્રદેશના ૫, બિહારના ૩, મહારાષ્ટ્રના ૬ માછીમારો છે. જયારે પાકીસ્તાન જેલમાં હજુ ૨૬૦ થી વધુ માછીમારો કેદ છે. આજે મુક્ત થયેલા માછીમારો છેલ્લા ત્રણ-ચાર વર્ષથી પાકીસ્તાનની કેદમાં હોવાનું ફિશરીઝ અધિકારી તુષાર કોટીયાએ જણાવેલ છે.





ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨